RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15   Issue : 271   Dt. 27-04-2026   Page : 08   Price : Rs 3









Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# રાજ્યની ૧૫ મનપામાં સરેરાશ ૫૦ ટકાથી વધુ મતદાન

## ૧૦૦૧ બેઠકો પર ૩૧૪૫ ઉમેદવારોનું ભાવિ EVMમાં કેદ : આકરો તાપ છતા મતદારોમાં ઉત્સાહ




રાજકોટ, તા. ૨૬

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે ધગધગતા તાપ વચ્ચે પણ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો ઘણા ખરા કેન્દ્રોમાં ઈવીએમ ખોવાઈ જવાની ફરિયાદો પણ હતી. તો સામે ભાજપ કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ક્યાંકને ક્યાંક બબાલ પણ થઈ હોવાનું માલુમ પડ્યું. આંકડાકીય માહિતી હાલજે મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો ગુજરાતની સ્થાનિક ચૂંટણીમાં સરેરાશ ૫૪% જેટલું મતદાન નોંધાયું છે જેમાં તાલુકા પંચાયતમાં સૌથી વધુ ૬૦ ટકા મહાનગરપાલિકામાં સરેરાશ ૪૮% અને જિલ્લા પંચાયતમાં ૫૮% જેટલું મતદાન થયું છે. ઇ

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સમગ્ર રાજ્યમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત સમયમર્યાદા સુધી મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. સમય પૂર્ણ થયા બાદ પણ જે મતદારો મતદાન મથકની અંદર હાજર હતા, તેમને મતદાન કરવાની તક આપવામાં આવી હતી, જેથી કોઈ પણ નાગરિક પોતાના મતાધિકારથી વંચિત ન રહે. રાજ્યના મહાનગરોમાં સરેરાશ ૪૯ ટકા મતદાન નોંધાયું છે. શહેર વિસ્તારોમાં ગરમી અને રોજિંદા જીવનની વ્યસ્તતાના કારણે મતદાનની ટકાવારી થોડી ઓછી રહી હોવાનું માનવામાં આવે છે. તેમ છતાં અનેક વિસ્તારોમાં મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકશાહીના આ પર્વમાં લોકોએ સક્રિય ભાગ લીધો હતો.

નગરપાલિકા વિસ્તારોમાં સરેરાશ ૫૯ ટકા મતદાન નોંધાયું છે, જે શહેરોની તુલનામાં વધુ છે. ગામડાઓ અને નાના શહેરી વિસ્તારોમાં મતદારોમાં વધુ જાગૃતિ જોવા મળી હતી, જેના કારણે મતદાન ટકાવારીમાં વધારો થયો છે. અનેક મતદાન કેન્દ્રો પર સવારે અને સાંજના સમયે ભારે ભીડ જોવા મળી હતી. જિલ્લા પંચાયત માટે સૌથી વધુ સરેરાશ ૬૧ ટકા મતદાન નોંધાયું છે. ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોમાં ચૂંટણી પ્રત્યે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પંચ દ્વારા સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા અને દેખરેખ રાખવામાં આવી હતી. પોલીસ દળ અને ચૂંટણી અધિકારીઓ સતત સક્રિય રહ્યા હતા. હવે તમામ મતપેટીઓ સીલ કરીને મતગણતરી પ્રક્રિયા માટે સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવી છે. આ રીતે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે અને હવે સૌની નજર પરિણામો પર ટકેલી છે.

મતદાર સુધારણા ની યાદીની જે કામગીરી થઈ તેમાં જે મતદારો કપાણા તેને લઈને પણ હાલ મતદાન ઉપર ઘણી અસર જોવા મળી છે ગત વખતની ચૂંટણીમાં જે ટકાવારીમાં મતદાન થયું હોય તેમાં આશરે ૧૦ થી ૧૫ ટકાનો ઉછાળો આવે તો ગત ૨૦૨૧ ની ચૂંટણી ની સમાન ટકાવારીમાં મતદાન થયું હોય તેવું કહી શકાય પરંતુ હાલ બે થી ત્રણ ટકાના વધારામાં જે સ્થિતિનું નિર્માણ થયું છે તેનો સીધો જ મતલબ એ થાય છે કે અત્યારે જે ગત વખતની ચૂંટણી છે તેનાથી પણ ઓછું મતદાન માનવામાં આવે.

ત્યારે સમગ્ર રાજ્યમાં મહાનગરપાલિકા હોય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય કે પછી નગરપાલિકા હોય આ તમામ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે અને તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ચૂક્યા છે. મળતી માહિતી મુજબ સ્ટ્રોંગ રૂમ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મશીનોને સુરક્ષિત રાખવામાં આવ્યા છે ત્યારે આવતીકાલે યોજાનારિ મતગણતરી પર દરેકની નજર મંડાયેલી છે. રાજકીય વિશ્લેષકોના મતે તાલુકાને જિલ્લા પંચાયતના ઊંચા મતદાનના આંકડા સત્તાધારી અને વિપક્ષ બંને માટે નિર્ણાયક સાબિત થશે પરંતુ ક્યાંક ને ક્યાંક લહેર ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ તરફની હોય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

### અમરેલીમાં મતદાનમાં ગંભીર છબરડા

અમરેલીના વોર્ડ નંબર ૧૦ માં મતદાન પ્રક્રિયા દરમિયાન ઘણી ખરી ક્ષતિઓના આક્ષેપો સામે આવ્યા હતા. સ્થાનિક મતદારોના જણાવ્યા અનુસાર તેઓએ તેમનો મત અધિકારનો ઉપયોગ કરવા પહોંચ્યા હતા ત્યારે જાણવા મળ્યું કે મત પહેલેથી જ અન્ય કોઈ વ્યક્તિએ આપી દીધા છે આ ઘટનાને પગલે તેમને મતદાન કરતા અટકાવવામાં આવતા ક્યાંક ને ક્યાંક વિવાદ સર્જાયો હતો આ મામલે સ્થાનિક મતદાર વિક્રમ સોલડીયાએ સમગ્ર મામલે ન્યાયિક તપાસની માંગ કરી હતી

### પંચાયતોમાં ભારે ઉત્સાહ શહેરોમાં નીરસતા

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે અને આવતીકાલ મત ગણતરી માટેની દરેક રાહ જોઈ રહ્યા છે ત્યારે રાજ્યભરમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો ગ્રામીણ વિસ્તારોમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો જ્યાં તાલુકા પંચાયતમાં સૌથી વધુ ૬૦% અને જિલ્લા પંચાયતમાં ૫૮% જેટલું મતદાન નોંધાયું તેની સરખામણીએ શહેરી વિસ્તારોમાં પ્રક્રિયા ખૂબ નિરસ જોવા મળી નગરપાલિકામાં પણ ૫૪% જ્યારે મહાનગરપાલિકાઓમાં સૌથી ઓછું સરેરાશ ૪૮% મતદાન નોંધાયું છે.

### જામનગરમાં કરૂણ ઘટના : ‘AAP’ના ઉમેદવારનું મોત

ભારે તાપ ની આગાહી વચ્ચે તંત્રએ દરેક જરૂરી તૈયારીઓ કરી હતી ત્યારે એક અનિચ્છનીય ઘટના પણ ઘટી જેમાં જામનગરમાંથી મતદાન વચ્ચે આઘાતજનક સમાચાર આવ્યા જ્યારે વોર્ડ નંબર ત્રણમાં આમ આદમી પાર્ટીના ૩૮ વર્ષીય યુવાન ઉમેદવારને હાર્ટ એટેક આવ્યો જે બાદ ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનુ મોત નીપજ્યું હતું.

### નવી મહાનગરપાલિકામાં કોણશે સત્તારૂઢ

રાજ્યમાં અગાઉ ૮ મહાનગરપાલિકાઓ હતી, જેમાં ૯ નવી મનપાઓનો ઉમેરો થતા હવે કુલ ૧૭ મનપા થઈ છે. જોકે, જૂનાગઢ અને ગાંધીનગરમાં અત્યારે ચૂંટણી નથી, તેથી કુલ ૧૫ મહાનગરપાલિકાઓ માં આજે મતદાન યોજાયું હતું. ૯ નવી મનપાના મતદારોએ પ્રથમવાર મહાનગરપાલિકાના પ્રતિનિધિ ચૂંટવા માટે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

### ગત ટર્મનો ઈતિહાસ

વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે તમામ ૬ મનપા અને મોટાભાગની પંચાયતો કબજે કરી હતી. જોકે, ગત વખતે સુરતમાં **AAP**એ ૨૭ બેઠકો જીતીને અને અમદાવાદમાં **AIMIM**એ ૭ બેઠકો જીતીને સૌને ચોંકાવ્યા હતા. આ વખતે ભાજપે આ પડકારને તોડવા પૂરી તાકાત લગાવી છે, જ્યારે વિપક્ષો પણ પોતાનો ગઢ મજબૂત કરવા મથી રહ્યા છે.

### ભાજપ માટે સત્તા જાળવવાનો, કોંગ્રેસ માટે કમબેક અને આપ માટે પગ જમાવવાનો પડકાર

રાજ્યની જે જૂની આઠ મહાનગરપાલિકા છે તે તમામમાં હાલ ભાજપનું શાસન છે. હાલ જે ૬ જૂની મનપાની ચૂંટણી યોજાઈ રહી છે. તેમાં અમદાવાદ અને રાજકોટમાં છેલ્લા ૨૦ વર્ષથી ભાજપનું એકહથ્થુ શાસન છે. જ્યારે સુરત, વડોદરા, ભાવનગર અને જામનગરમાં તો ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. શહેરી વિસ્તારમાં ભાજપા સતત મજબૂત થઈ રહ્યી છે તો બીજી તરફ કોંગ્રેસ સતત નબળી પડતી ગઈ છે. ત્યારે કોંગ્રેસ માટે કમબેક કરવાનો મોટો પડકાર છે. તો આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે ઉભરવાનો પ્રયાસ કરી રહી છે. ૨૦૨૧માં આમ આદમી પાર્ટીને ૧૩.૯૧ ટકા મત મળ્યા હતા. સુરત મનપામાં ૨૭ બેઠક પણ જીતી હતી.

---

### હોર્મુઝ સંકટ વચ્ચે LPG માટે ભારતની મોટી તૈયારી

# હવે ૧૫ દેશોમાંથી ભારતમાં આવશે ગેસ




નવી દિલ્હી, તા.૨૬

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક ગેસ સપ્લાય પર જોખમ તોળાઈ રહ્યું છે. હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી મડાગાંઠને જોતા ભારત સરકારે દેશમાં રાંધણ ગેસની અછત ન સર્જાય તે માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ કરી લીધી છે. ભારતે હવે ખાડી દેશો ઉપરાંત અમેરિકા, રશિયા અને નોર્વે જેવા દેશો તરફ નજર દોડાવી છે.

હોર્મુઝ સંકટને કારણે ગેસ સપ્લાય ખોરવાતા સરકારી તેલ કંપનીઓએ હવે સ્પોટ માર્કેટ એટલે કે તત્કાલ બજારમાંથી ખરીદી શરૂ કરી દીધી છે. એક અખબારના અહેવાલ મુજબ, જૂન અને જુલાઈ મહિનામાં અમેરિકાથી એલપીજીના મોટા કાર્ગો ભારત પહોંચવાની શક્યતા છે.

અત્યાર સુધી ભારત પોતાની જરૂરિયાતનો ૯૦% ગેસ માત્ર ખાડી દેશો (ચ્અઊ, કતાર, સાઉદી અરેબિયા, કુવૈત વગેરે) પાસેથી ખરીદતું હતું. પરંતુ હવે સરકારે આયાતના સ્રોતોમાં વિવિધતા લાવી છે. હવે ભારત અમેરિકા, નોર્વે, કેનેડા, અલ્જેરિયા અને રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ગેસ મંગાવી રહ્યું છે. પહેલા ભારત ૧૦ દેશોમાંથી ગેસ આયાત કરતું હતું, જે હવે વધીને ૧૫ થયા છે. સરકારે અગાઉથી જ ૮ લાખ ટન એલપીજી કાર્ગો સુરક્ષિત કરી લીધો છે જે હાલ રસ્તામાં છે. પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, ભારતમાં દરરોજ ૮૦,૦૦૦ ટન એલપીજીની જરૂરિયાત રહે છે. યુદ્ધ જેવી સ્થિતિને પહોંચી વળવા સરકારે સ્થાનિક ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો છે. સ્થાનિક ઉત્પાદન હવે ૨૦% વધીને ૪૬,૦૦૦ ટન પ્રતિ દિવસ થયું છે. આ વધારાને કારણે વિદેશી આયાત પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થયો છે. સામાન્ય જનતા પર શું થશે અસર? સરકારના આ વ્યૂહાત્મક પગલાંને કારણે ઘરગથ્થુ અને કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના સપ્લાયમાં કોઈ કાપ નહીં આવે. મંત્રાલયે ખાતરી આપી છે કે, જ્યાંથી પણ શક્ય હશે ત્યાંથી અમે ગેસ ખરીદીશું, પણ દેશમાં સપ્લાય ખોરવાવા નહીં દઈએ.

---

# ઈરાન યુદ્ધમાં કોઈ જીત ન રોકી શકે : ટ્રમ્પ



વ્હાઈટ હાઉસ ડિનર પર ગોળીબાર પછી અજ રાષ્ટ્રપતિનું નિવેદન

નવી દિલ્હી, તા.૨૬

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશન ડિનરમાં ગોળીબાર તેમને ઈરાન યુદ્ધથી રોકી શકશે નહીં, જોકે તેમનું માનવું હતું કે આ ઘટના સંઘર્ષ સાથે જોડાયેલી હોવાની શક્યતા નથી. આવા હુમલાઓ મને ઈરાનમાં યુદ્ધ જીતવાથી રોકશે નહીં. મને ખબર નથી કે તેનો તેની સાથે કોઈ સંબંધ હતો કે નહીં, મને ખરેખર એવું લાગતું નથી.

ટ્રમ્પે, ગોળીબારની ઘટના પછી, પ્રેસ બ્રીફિંગ રૂમમાં બોલતા, જાહેરાત કરી કે ગોળીબાર કરનાર 'બીમાર' છે. કાયદા અમલીકરણ અને ડીસી પોલીસે હમણાં જ મેયર સાથે વાત કરી... તમે હુમલાખોરને અલગ અલગ સ્થિતિમાં જુઓ છો, પરંતુ તમે હુમલાખોરને સંપૂર્ણપણે શાંત અને નિયંત્રણમાં પણ જુઓ છો... છેલ્લા બે વર્ષમાં આ પહેલી વાર નથી જ્યારે આપણા પ્રજાસત્તાક પર બે વર્ષ કરતાં પણ ઓછા સમય પહેલા પેન્સિલવેનિયાના બટલરમાં હત્યા કરવાનો પ્રયાસ કરનાર કોઈ સંભવિત હત્યારા દ્વારા હુમલો કરવામાં આવ્યો હોય... અને તેના થોડા મહિના પછી, ફ્લોરિડાના પામ બીચ પર. કાયદા અમલીકરણ દ્વારા ખરેખર, ફરીથી, અમે કેટલાક મહાન કાર્ય કર્યા છે. ટ્રમ્પે ગોળીબારને અણધારી પણ ગણાવી અને કહ્યું કે તે ખૂબ જ અણધાર્યું હતું, પરંતુ ગુપ્ત સેવા અને કાયદા અમલીકરણ દ્વારા અવિશ્વસનીય રીતે કાર્યવાહી કરવામાં આવી હતી... એક વ્યક્તિએ અનેક હથિયારોથી સજ્જ સુરક્ષા ચોકી પર હુમલો કર્યો હતો. ટ્રમ્પે, ઘટના પછી હુમલા દરમિયાન ગોળી વાગેલા સુરક્ષા અધિકારી સાથે પણ વાત કરી હતી. એક અધિકારીને ગોળી વાગી હતી, પરંતુ તે બચી ગયો... વેસ્ટે કામ કર્યું. મેં હમણાં જ અધિકારી સાથે વાત કરી, અને તે ખૂબ સારી સ્થિતિમાં છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર ઘટનાની એક ક્લિપ શેર કરી છે જેમાં કથિત રીતે વ્યક્તિ ધરપકડ થાય તે પહેલાં સુરક્ષા ચોકીમાંથી દોડી રહ્યો છે. તેમણે કાયદા અમલીકરણ અધિકારીઓ દ્વારા ધરપકડ કરાયેલા અને જમીન પર પિન કરેલા આરોપીના ચિત્રો પણ શેર કર્યા.

શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કોલ ટોમસ એલન તરીકે થઈ છે, જે ૩૧ વર્ષનો છે અને કેલિફોર્નિયાના ટોરેન્સનો રહેવાસી છે. યુએસ એટર્ની જીનીન પિરોએ જણાવ્યું હતું કે તેના પર હથિયારો અને હુમલાના ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. એફબીઆઈએ પુષ્ટિ આપી છે કે શંકાસ્પદ વ્યક્તિ કસ્ટડીમાં છે.

### વડાપ્રધાન મોદીએ ડિનર કાર્યક્રમમાં ગોળીબારની નિંદા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર પર ગોળીબારની નિંદા કરી છે, ડોનાલ્ડ ટ્રમ્પ, મેલાનિયા ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત હોવાનું જાણીને રાહત વ્યક્ત કરી છે. સ્થળ નજીક એક બંદૂકધારીએ ગોળીબાર કર્યો પરંતુ તેની ધરપકડ કરવામાં આવી, મુખ્ય અધિકારીઓને કોઈ ઈજા થઈ નથી કારણ કે સુરક્ષાએ ઝડપથી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશનના ડિનર પર ગોળીબારની ઘટનાની નિંદા કરી, અને રાહત વ્યક્ત કરી કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે. ડ પર એક પોસ્ટમાં, મોદીએ કહ્યું કે તેમને એ ‘‘જાણીને રાહત‘‘ થઈ કે ટ્રમ્પ, ફર્સ્ટ લેડી અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે અને વોશિંગ્ટન ડીસી હોટલમાં સુરક્ષા ઘટના બાદ કોઈ નુકસાન થયું નથી. તેમણે તેમની સતત સલામતી માટે શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે લોકશાહીમાં હિંસાનું કોઈ સ્થાન નથી અને તેની સ્પષ્ટપણે નિંદા થવી જોઈએ.

# તમે પણ રોજ સવારે પીવો છો લીંબુ પાણી ?

## તો પહેલા વાંચો તેના ગેરફાયદા સાથે જાણો તેને પીવાની યોગ્ય રીત

રાજકોટ,તા.૨૬

સવારે ગરમ લીંબુ પાણી પીવું એ એક મુખ્ય સ્વાસ્થ્ય વલણ બની ગયું છે, પરંતુ આ પીણું દરેક માટે સલામત નથી. જ્યારે તે હાઈડ્રેશન, રોગપ્રતિકારક શક્તિ અને પાચનને ટેકો આપે છે, ત્યારે તે કેટલાક લોકો માટે એસિડિટી, દાંતનો સડો અને પેટની સમસ્યાઓ પણ વધારી શકે છે.

સવારે ઉઠીને હાલના સમયમાં લીંબુનો રસ નાખીને હૂંફાળું પાણી પીવાનો ટ્રેન્ડ ખૂબ જ વધી રહ્યો છે. લોકોનું માનવું છે કે સ્વસ્થ, ડિટોક્સિફાઈંગ અને રોગપ્રતિકારક શક્તિ વધારનાર આ સરળ ઉપાય છે. લીંબુનો ખાટો સ્વાદ તાજગી આપે છે અને ઘણા લોકો તેને સવારની આદત બનાવી લે છે. લીંબુ પાણી પીવાનો સૌથી મોટો ફાયદો એ છે કે તે તમારા પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને શરીરમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં મદદ કરે છે. તે ત્વચાને ચમકદાર બનાવવા અને ચયાપચયને વેગ આપવા માટે પણ મદદ કરે છે.



### કેટલું સ્વસ્થ છે લીંબુ પાણી ?

પરંતુ શું તમે જાણો છો કે આ સ્વસ્થ પીણું દરેક માટે સલામત નથી? કેટલાક લોકો માટે, લીંબુ પાણી પેટમાં બળતરા, એસિડિટી અથવા દાંતની સમસ્યાઓ વધારી શકે છે. જેમને ગેસ્ટ્રિક અથવા અલ્સરની સમસ્યા છે તેઓએ ખાસ કરીને સાવધન રહેવું જોઈએ. તેને યોગ્ય રીતે પીવું ખૂબ જ જરૂરી છે. તેને હૂંફાળા પાણીમાં ભેળવીને ખાલી પેટે પીવું જોઈએ. કેટલાક લોકો તેના સ્વાદ અને સ્વાસ્થ્ય લાભ બંને વધારવા માટે મધ અથવા ફુદીનો ઉમેરી દે છે.તો અમને તમને જણાવીશું ફાયદા, ગેરફાયદા

### લીંબુ પાણી પીવાના ફાયદા

લીંબુ પાણી પીવાના અનેક ફાયદા છે પહેલો ફાયદો છે સારી હાઈડ્રેશન, પાણી ઘણીવાર કંટાળજનક હોય શકે છે પરંતુ તેમાં લીંબુ ઉમેરવાથી સ્વાદમાં વધારો થાય છે. આ તમને વધુ પાણી પીવા અને હાઈડ્રેટેડ રહેવા માટે ખૂબ જ સારું છે. બીજો ફાયદો છે વિટામિન ઈ અને એન્ટીઑકિસડન્ટ્સ, લીંબુમાં વિટામિન ઈ હોય છે, જેથી રોગપ્રતિકારક શક્તિ વધે છે, આયર્ન શોષણમાં મદદ કરે છે અને ત્વચા અને પેશીઓ માટે પણ ફાયદાકારક છે. ત્રીજો ફાયદો છે પેટની સફાઇ, લીંબુનો ખાટો સ્વાદ પેટના રસ અને લાળને વધારી શકે છે, જે પાચનને સરળ બનાવી શકે છે અથવા સવારના પેટનું ફૂલવું ઘટાડી શકે છે.

### લીંબુ પાણી કોણે ટાળવું જોઈએ?

કેટલાક લોકો માટે લીંબુ ફાયદાકારક નથી હોતું, જો તમને એસિડ રિફ્લક્સ, ગેસ્ટ્રાઇટિસ, અલ્સર અથવા સંવેદનશીલ પેટ હોય, તો આ હાનિકારક હોઈ શકે છે. ખાલી પેટે તેને પીવાથી હાર્ટબર્ન, પેટનું ફૂલવું, ઉબકા અથવા એસિડ રિફ્લક્સ વધુ ખરાબ થઈ શકે છે. લીંબુમાં રહેલું એસિડ ધીમે ધીમે દાંતના દંતવલ્કને નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી સંવેદનશીલતા અને પોલાણનું જોખમ વધી જાય છે.જો તમને વારંવાર મોઢામાં ચાંદા થાય છે, તો લીંબુ પાણી તે સમસ્યા વધારી શકે છે. લીંબુ એસિડ કેટલીક દવાઓની અસરકારકતા ઘટાડી શકે છે.લીંબુ ક્યારેક માથાનો દુખાવો અથવા માઈગ્રેનનું કારણ પણ બની શકે છે. કેટલાક લોકો એલર્જી માટે પણ સંવેદનશીલ હોય છે. સાથે કિડનીની સમસ્યાઓ, કિડનીમાં પથરી, અથવા ડિહાઈડ્રેશન હોય લીંબુ નુકસાન કરી શકે છે.

### લીંબુ પાણી પીવાના ગેરફાયદા

દાંતનું સ્વાસ્થ્યઃ સતત લીંબુ પાણી પીવાથી દાંતનો દંતવલ્ક નબળો પડી શકે છે.પેટની સમસ્યાઓઃ વધુ પડતું પીવાથી પેટમાં ખેંચાણ, ગેસ, બળતરા અથવા એસિડિટી થઈ શકે છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનઃ પેશાબ વધવાથી શરીરમાં અસંતુલન થઈ શકે છે.

### લીંબુ પાણી કેવી રીતે પીવું ?

લીંબુ પાણી પીવું આરોગ્ય માટે સારું છે, પરંતુ તેને સુરક્ષિત રીતે પીવું પણ એટલું જ મહત્વનું છે. લીંબુ હાઈ એસિડિક હોય છે, તેથી તેને હંમેશા સારી રીતે પાતળું કરીને જ પીવું જોઈએ-એક ગ્લાસ પાણીમાં અડધું લીંબુ પૂરતું છે.

ખાલી પેટે પીવાથી ક્યારેક એસિડિટી અથવા પેટમાં બળતરા થઈ શકે છે, તેથી ભોજન પછી પીવું વધુ સારું. દાંતને એસિડથી બચાવવા માટે સ્ટ્રોનો ઉપયોગ કરવો જોઈએ અને પીધા પછી સામાન્ય પાણીથી કોગળા કરવાની ટેવ રાખવી. લીંબુ પાણી પીધા બાદ તરત જ દાંત સાફ ન કરવું, ઓછામાં ઓછા 30 મિનિટ રાહ જોવી જોઈએ કારણ કે એસિડને કારણે ઈનેમલ નરમ થઈ જાય છે. દિવસમાં ૧-૨ ગ્લાસ પૂરતા છે.

એટલું પીવાથી ફાયદો થાય છે પરંતુ શરીર પર બોજ પણ નથી થતો. જો ક્યારેક પેટમાં બળતરા, દાંતમાં સંવેદનશીલતા, અથવા ગળામાં અસ્વસ્થતા લાગે તો લીંબુ પાણી પીવાનું બંધ કરીને ડોક્ટરને સલાહ લેવી જોઈએ. આમ થોડા સરળ પગલાં અપનાવવાથી તમે લીંબુ પાણીના ફાયદા સુરક્ષિત રીતે માણી શકો છો. આ માહિતી વાચકોને વધારે વિગતો પુરી પાડવા માટે છે અને આ સંદર્ભમાં વધારે જાણકારી મેળવવા માટે આપ તજજ્ઞોનો સંપર્ક સાધી શકશો.

# પેટની ગરમી અને અપચાનો રામબાણ ઈલાજ !

## ખોટી ખાનપાનની આદતો અને ગરમીને કારણે પાચનતંત્ર નબળું પડે : તબીબો



રાજકોટ,તા.૨૬

ઉનાળા દરમિયાન, પેટ ઠંડુ રાખવા માટે વિવિધ ખોરાક ખાવાની ભલામણ કરવામાં આવે છે. ગરમીની ઋતુમાં તળેલા અને ચીકણા ખોરાક ખાવાથી ચહેરા પર પણ અસર દેખાઈ શકે છે. અમે તમને એક પરંપરાગત ઉપાય વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે કુદરતી રીતે પેટ ઠંડુ રાખે છે.

ઉનાળાની કાળઝાળ ગરમી માત્ર વાતાવરણમાં જ નહીં, પણ આપણા શરીરમાં અને ખાસ કરીને પેટમાં પણ બળતરા પેદા કરે છે. આ ઋતુમાં એસિડિટી, ગેસ, પેટ ફૂલવું (બ્લોટિંગ) અને અપચો જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે. ખોટી ખાનપાનની આદતો અને ગરમીને કારણે પાચનતંત્ર નબળું પડે છે.

આયુર્વેદમાં પેટની ગરમી શાંત કરવા માટે 'સૌંફ' એટલે કે ''વરિયાળી''ને સર્વોત્તમ માનવામાં આવે છે. વરિયાળીની તાસીર ઠંડી હોય છે, તેથી તેને પાચનનો 'કિંગ' કહેવામાં આવે છે.વરિયાળીમાં રહેલા પોષક તત્વો રહેલા છે. વરિયાળી માત્ર મુખવાસ નથી, પણ ઔષધીય ગુણોનો ખજાનો છે. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે. આ ઉપરાંત તેમાં આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ અને વિટામિન-સી જેવા જરૂરી તત્વો મળી આવે છે. તે એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર હોવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ (ઈંળળીક્ષશિ્રુ) મજબૂત કરે છે. વજન ઘટાડવા માંગતા લોકો માટે પણ તે આશીર્વાદરૂપ છે, કારણ કે તે મેટાબોલિઝમ બુસ્ટ કરે છે અને ભૂખ પર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે.

પેટને ઠંડક કેવી રીતે આપે છે? નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઉનાળામાં તળેલું અને મસાલેદાર ખાવાથી લિવર અને આંતરડા પર સોજો આવી શકે છે, જેને કારણે પેટમાં ભારેપણું લાગે છે. વરિયાળીમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જે આંતરડાના સોજાને ઘટાડે છે અને ગેસની સમસ્યામાં રાહત આપે છે. તેની ઠંડી તાસીર જઠરાગ્નિને શાંત કરે છે, જેનાથી એસિડિટીમાં તુરંત ફાયદો થાય છે. વરિયાળીનો ઉપયોગ કરવાની રીતો જોઈએ તો આદુ અને વરિયાળીનું મિશ્રણ, આદુ પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે અને વરિયાળી આંતરડાને સાફ રાખે છે. વરિયાળી અને સાકર (મિશ્રી)નો પાવડર બનાવીને રાખવો જોઈએ. રોજ સવારે ખાલી પેટે અથવા રાત્રે સૂતા પહેલા એક ચમચી પાવડર પાણી સાથે લેવાથી પાચનતંત્ર સુધરે છે. તેમાં લીંબુનો રસ ઉમેરવાથી વિટામિન-સીનું પ્રમાણ વધે છે.

વરિયાળીનું પાણી, પેટની જૂની સમસ્યાઓ માટે વરિયાળીનું પાણી રામબાણ ઈલાજ છે. રાત્રે એક ચમચી વરિયાળી એક ગ્લાસ પાણીમાં પલાળી દો. સવારે આ પાણી ગાળીને પી જવું. તેનાથી પેટના એન્ઝાઈમ્સ સક્રિય થાય છે અને આખો દિવસ પેટમાં ઠંડક રહે છે. પલાળેલી વરિયાળીને ચાવીને ખાઈ લેવાથી ફાઈબરનો પૂરો લાભ મળે છે.

ઉનાળા માટે વિશેષ ટિપ્સ જોઈએ તો માત્ર વરિયાળી જ નહીં, પણ ઉનાળામાં એવા ફળો અને શાકભાજી લેવા જોઈએ જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય. જેમ કેઃ

તરબૂચ અને ટેટી, કાકડી, સત્તુનું શરબત, વધારે માત્રામાં પાણી, આ માહિતી વાચકોને વિગતો પુરી પાડવા માટે છે.વધારે જાણકારી મેળવવા માટે આપ તજજ્ઞોનો સંપર્ક સાધી શકો છો

## જાણો આમળા અને મીઠો લીમડો વાળ માટે કેવી રીતે ફાયદાકારક છે

# વાળની સમસ્યા માટે આમળા-મીંઠા લીમડાના પાન ફાયદાકારક

રાજકોટ,તા.૨૬

શું તમે પણ લાંબા, કાળા અને મજબૂત વાળ ઈચ્છો છો? આજકાલ, લોકોનો આહાર એટલો ખરાબ થઈ ગયો છે કે તે તેમના સ્વાસ્થ્ય અને વાળના સ્વાસ્થ્ય પર સીધી અસર કરે છે. આ એક આયુર્વેદિક ઉપાય છે જેની તમારા વાળ પર કોઈ આડઅસર નથી. અમે આમળા અને મીઠો લીમડો વિશે વાત કરી રહ્યા છીએ. આમળા અને મીઠો લીમડાનો ઉપયોગ વર્ષોથી વાળ માટે કરવામાં આવે છે. આ બંને ઘટકો વાળ માટે વરદાનથી ઓછા નથી. આ બંને ઘટકોનો ઉપયોગ વર્ષોથી આયુર્વેદમાં હેલ્ધી હેર પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.



આમળા અને મીઠા લીમડામાં વિટામિન્સ, એન્ટીઑકિસડન્ટ્સથી ભરપૂર છે જે સ્કેલ્પ હેલ્થને સપોર્ટ આપે છે.

આ પોષક તત્વો બ્લડ સર્ક્યુલેશનને પ્રોત્સાહન આપે છે અને તમારા વાળને મૂળથી છેડા સુધી મજબૂત બનાવે છે. આમળામાં મોટાભાગના સાઈટ્રસ ફળો કરતાં વધુ વિટામિન-ઈ હોય છે અને તે કોલેજન ઉત્પાદન માટે ઉત્તમ માનવામાં આવે છે. કોલેજન એક પ્રોટીન છે જે વાળની મજબૂતાઈ જાળવી રાખે છે. તેના આયર્નથી ભરપૂર પ્રોફાઈલને કારણે, આમળા તમારા વાળના ફોલિકલ્સની આસપાસ બ્લડ સર્ક્યુલેશન વધારવામાં મદદ કરે છે. વધુ ઓક્સિજન અને પોષક તત્વો તમારા સ્કેલ્પ સુધી પહોંચે છે એટલે સ્વસ્થ મૂળ અને વાળનો ઝડપી વિકાસ.

અકાળે સફેદ થવાનું ઘટાડે છે - આમળા મેલાનિનના ઉત્પાદનને ટેકો આપવા માટે જાણીતું છે, જે તમારા વાળને તેનો કુદરતી રંગ આપે છે. તેને દરરોજ ખાવાથી અકાળ વૃદ્ધત્વ ધીમું થઈ શકે છે અને વાળને કુદરતી રીતે કાળા રાખવામાં મદદ મળે છે. સ્કેલ્પને શાંત કરે છે - તેના બળતરા વિરોધી અને ઠંડક ગુણધર્મો તેને માથાની ચામડીની સમસ્યાઓની સારવાર માટે ઉત્તમ બનાવે છે. વાળને અંદરથી મજબૂત બનાવે છે - ફ્લેવોનોઈડ્સ અને એન્ટીઑકિસડન્ટ્સથી ભરપૂર, આમળા તમારા વાળના કોષોને દૈનિક નુકસાનથી બચાવે છે. આમળાનું દૈનિક સેવન તમને મજબૂત અને ચમકદાર વાળ પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.

વાળ માટે મીઠા લીમડાના ફાયદા જોઈએ તો વાળ પાતળા થવાનું પ્રમાણ ઘટાડે છે - મીઠો લીમડો બીટા-કેરોટીન અને એમિનો એસિડથી ભરપૂર હોય છે, જે વાળ ખરતા અટકાવવા અને વાળની જાડાઈ સુધારવા માટે ફાયદાકારક માનવામાં આવે છે.

તમારા વાળ કેરાટિનથી બનેલા છે, જે એક પ્રકારનું પ્રોટીન છે. મીઠો લીમડો તમારા શરીરને જરૂરી પ્રોટીન અને ઉત્સેચકો પૂરા પાડીને કેરાટિનના ઉત્પાદનને ટેકો આપે છે જે વાળના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે. અકાળે સફેદ થવાથી બચાવો - પરંપરાગત રીતે, મીઠો લીમડોનો ઉપયોગ વાળમાં મેલાનિનનું ઉત્પાદન વધારવા માટે કરવામાં આવે છે. તેથી, તેને ખાવાથી અકાળે વૃદ્ધત્વ અટકાવી શકાય છે. મીઠા લીમડાના પાનમાં હાજર એન્ટીઑકિસડન્ટ અને એન્ટિફંગલ સંયોજનો ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે, જે બદલામાં તમારા સ્કેલ્પને તાજગી આપે છે. આ માહિતી માત્ર જાણકારી માટે છે. કોઈપણ ઉપચાર લેવા પહેલાં નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.


# અશ્વગંધાના પાંદડા પર FSSAIનો પ્રતિબંધ

રાજકોટ,તા.૨૬

ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્થોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ખાદ્યપદાર્થો અને પીણાં પર દેખરેખ વધારી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી અનેક ભેળસેળયુક્ત ઉત્પાદનો પકડાઈ રહ્યા છે, ત્યાર પછી, FSSAIએ હવે અશ્વગંધાના પાંદડાના ઉપયોગ પર સીધો પ્રતિબંધ મૂકી દીધો છે. તેમણે કડક સૂચનાઓ બહાર પાડી છે કે, અશ્વગંધાનો ઉપયોગ ફક્ત તેના મૂળ અને અર્ક સુધી મર્યાદિત હોવો જોઈએ, પાંદડાનો ઉપયોગ કર્યો તો તે કંપનીઓ પર કાર્યવાહી કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, અશ્વગંધાનો ઉપયોગ, ભલે તે કાચા હોય કે તેના અર્કમાં તેની પરવાનગી આપવામાં આવતી નથી. FSSAIની સાથે, આયુષ મંત્રાલયે પણ દવાઓ બનાવતી અને તેને લગતા ઉત્પાદક બનાવતી કંપનીઓને આ જ પ્રકારની સૂચનાઓ મોકલી આપવામાં આવી છે.

એક નિર્દેશિકા બહાર પાડીને, સરકારે તમામ આરોગ્ય પૂરક કંપનીઓને તેમના ખાદ્ય ઉત્પાદનોમાં વપરાતા અશ્વગંધાની ટકાવારી લેબલ પર સ્પષ્ટપણે જણાવવાનો નિર્દેશ આપ્યો છે.



અશ્વગંધા આયુર્વેદમાં સૌથી શક્તિશાળી અને જાણીતી ઔષધિઓમાંની એક છે. પ્રાચીન કાળથી લોકો તેનો ઔષધીય ઉપયોગ કરી રહ્યા છે. 'અશ્વગંધા' શબ્દ બે સંસ્કૃત શબ્દોઃ અશ્વ (ઘોડો) અને ગંધ (ગંધ) પરથી આવ્યો છે. એવું કહેવાય છે કે, તેમાંથી ઘોડાના પરસેવા જેવી ગંધ આવે છે, અને તેને ખાવાથી તેના જેવી શક્તિ મળે છે. તેનો છોડ નાનો અને પાંદડાવાળો હોય છે, જેને પીળા ફૂલો અને લાલ ફળો આવતા હોય છે. તેના મૂળિયાંનો ઉપયોગ સદીઓથી આયુર્વેદમાં કરવામાં આવે છે અને તેને ફાયદાકારક માનવામાં આવે છે.

**તેના મૂળિયા ખાવાના ફાયદા અને આડઅસરો વિશે જાણો**

અશ્વગંધાનાં પાંદડાઓમાં ઉચ્ચ સ્તરનું રિએક્ટિવ વિથાનોલાઈડ્સ હોય છે, જેને શરીર માટે ઝેરી માનવામાં આવે છે. તેનું સેવન કરવાથી લીવર, પેટ અને નસોની ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. પોલેન્ડ અને હંગેરી જેવા યુરોપિયન દેશોએ પહેલાથી જ અશ્વગંધાનાં પાંદડા ઓછી કિંમતના કારણે તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓ અશ્વગંધાનાં પાંદડા સસ્તા હોવાથી તેનો ઉપયોગ કરતી હતી, જ્યારે તેના મૂળિયાં વધુ મોંઘા હોય છે.

અશ્વગંધાનાં મૂળિયાં ખાવાથી ઘણા પ્રકારના સ્વાસ્થ્ય લાભ મળે છે, પરંતુ તેને ખાવા માટેની પદ્ધતિ પણ યોગ્ય હોવી જોઈએ. વધુ પડતું સેવન કરવાથી તે ખતરનાક બની શકે છે. ચાલો તમને તેના ફાયદા અને ગેરફાયદા સમજાવી દઈએ.

**ફાયદાઃ-** તણાવ ઘટાડો- સંશોધન મુજબ, અશ્વગંધા શરીરમાં કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે, જે એક તણાવ હોર્મોન છે. આ મનને શાંત કરે છે અને તણાવનું સ્તર નિયંત્રણમાં રાખે છે. સ્નાયુઓને મજબૂત બનાવે છે- રમતવીરો અને જીમમાં જનારાઓ શક્તિ વધારવા માટે અશ્વગંધાનું સેવન કરે છે. અશ્વગંધા ખાવાથી સ્નાયુઓ મજબૂત થાય છે. અનિદ્રાની સમસ્યા- અશ્વગંધાનું મૂળ ખાવાથી અનિદ્રાની સમસ્યામાં મદદ મળી શકે છે. જો તમને ઓછી ઊંઘ આવે છે, તો તે સારું કરી દેશે. શુક્રાણુ ગુણવત્તા-અશ્વગંધા પુરુષો માટે ખૂબ જ ફાયદાકારક છે. તે ટેસ્ટોસ્ટેરોનનું સ્તર વધારીને પ્રજનનક્ષમતામાં સુધારો કરે છે અને શુક્રાણુ ગુણવત્તામાં પણ સુધારો કરે છે.

**ગેરફાયદાઃ-** હાડકામાં દુખાવો- વધુ પડતું અશ્વગંધાનું સેવન કરવાથી હાડકામાં દુખાવો અથવા થાઈરોઈડની સમસ્યા થઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓ- હાઈ બ્લડ પ્રેશર ધરાવતા લોકોએ અશ્વગંધા ખાવાનું ટાળવું જોઈએ. તે બ્લડ પ્રેશર વધારી અથવા ઘટાડી શકે છે, જે જીવલેણ બની શકે છે. લીવર પર અસરો-વધુ પડતું અશ્વગંધાનું સેવન તમારા લીવરને અસર કરી શકે છે. આ સાથે પેટની સમસ્યાઓ પણ થઈ શકે છે.

**નોંધઃ** આ સમાચાર ફક્ત સામાન્ય માહિતી પર આધારિત છે. કોઈપણ પ્રકારની વધુ અને ચોક્કસ માહિતી માટે, તમારે તમારા આરોગ્ય ચિકિત્સક પાસેથી યોગ્ય સલાહ લેવી જોઈએ.

# વોર્ડ ૪માં અમારી પેનલનો વિજય નિશ્ચિત : રાહુલ ભુવા

## આમ આદમી પાર્ટીની ઘણા સમયની મહેનત અને પૂર્વ તૈયારી ના પગલે ધીંગુ મતદાન થયું : ભાજપ - કોંગ્રેસના ઉમેદવારોએ હથિયાર હેઠા મૂકી દીધા હોવાનું આવ્યું સામે



રાજકોટ, તા. ૨૭
મહાનગરપાલિકા માં વોર્ડ નંબર ચારમાં આમ આદમી પાર્ટીનો શાનદાર પ્રવેશ છેલ્લા ઘણા સમયથી થઈ રહ્યો છે. ત્યારે આ વખતે પણ આમ આદમી પાર્ટી રાજકોટ મહાનગરપાલિકામાં પ્રવેશ કરશે તેવા સંકેતો મળી રહ્યા હતા ત્યારે રાજકોટ મિરર સાથેની વાતચીતમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવાએ તેની પેનલના ચાર ઉમેદવારો ઝળહળતો વિજય મેળવશે તેવું જણાવ્યું હતું અને તેને નિશ્ચિત પણ માન્યું હતું. વોર્ડ ચારના મતદારોએ અમારી પેનલના વિજય માટે ભારે ઉત્સાહથી મતદાન કર્યું છે તેમજ ખૂબ જ સારી લીડ થી અમારી આખી પેનલ જીતશે તેવો વિશ્વાસ પણ રાહુલ ભુવાએ વ્યક્ત કર્યો હતો.

તાજેતરની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ક્યા વોર્ડથી મનપામાં એન્ટ્રી મારશે તે ચર્ચાનો વિષય છે. તે ટાંકણે રાજકોટ મિરાજ સાથેની વાતચીતમાં વોર્ડ નંબર ચારના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવાએ દ્રઢ મનોબળ સાથે જણાવ્યું હતું કે અમારી ઘણા લાંબા સમયની મહેનત અને પૂર્વ તૈયારી વચ્ચે ૬૪% ધીંગુ મતદાન થયું છે તેમાં વોર્ડ ચારના મતદારોનો સિંહ ફાળો છે. વધુમાં તેઓ જણાવ્યું કે અમારી પેનલના સંગીન પ્રયાસોના કારણે મતદારોને અમારી તરફેણમાં મત પેઢી સુધી લાવવામાં આમ જ બી પાર્ટી સફળ થયું છે. ગઈકાલ બપોરના આમ આદમીની તરફેણમાં થતા મતદાનથી ભાજપ તથા કોંગ્રેસની પેનલોના ઉમેદવારોએ હથિયાર હેઠા મૂકી દીધા હોય તેવું સ્પષ્ટ જાણવા મળ્યું હતું. વોર્ડ નંબર ચાર ની ચૂંટણીમાં મતદારોનો જોક સ્પષ્ટ રીતે આમ આદમી પાર્ટી તરફ જોવા મળ્યો હતો ત્યારે પરિણામે તેઓએ સ્પષ્ટ વાંચતા કહ્યું કે આમ આદમી પાર્ટીની પેનલના ચાર ઉમેદવારોનો વિજય નક્કી છે અને આમ આદમી પાર્ટીની પેનલ નોંધપાત્ર લીડ થી વિજય થશે.

ભાજપના આંતર કલહ, ટિકિટ ફાળવણીમાં મનમાની અને ભાજપના અસંતુષ્ટોની નિષ્ક્રિયતા થી આમ આદમી પાર્ટીની પેનલ આ ચૂંટણી જંગમાં વિજય માળા પહેરશે તેઓ આશાવાદ રાહુલ ભુવાએ રાજકોટ મિરર સાથેની વાતચીતમાં દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીના મજબૂત અને લોકપ્રિય આગેવાન રાહુલ ભુવા ગત વિધાનસભા ચૂંટણી જંગમાં ઝંપ લાવ્યું હતું અને નોંધપાત્ર મતો મેળવ્યા હતા. ગદ વિધાનસભામાં રાહુલ ભુવાને ૧૫,૦૦૦ મતો માત્ર વોર્ડ ચારમાંથી જ મળ્યા હતા અને ૨૦૨૧ ની મનપાની ચૂંટણીમાં ૧૦,૦૦૦ થી વધુ મતો મેળવી ભાજપ કોંગ્રેસને જબરી લડત આપી હતી.

૨૦૨૬ ની મનપાની ચૂંટણી માં વોર્ડ ચાર ની આમ આદમી પાર્ટીની પેનલમાં મજબૂત આગેવાનો તરીકે ઉભરી રહેલા રાહુલ ભુવાની પેનલ તથા તમામ ૧૮ વોર્ડમાં સૌથી શિક્ષિત અને મજબૂત ઉમેદવાર હોવાની ચર્ચા હરીફ પક્ષોમાં થઈ રહી છે. ત્યારે રાહુલ ભુવાએ તેમની પેનલનું વિજય નિશ્ચિત હોવાનું જણાવ્યું હતું. રાજકોટ મિરર સાથે રાહુલ ભુવાએ આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે હરીફ પેનલમાં ઉમેદવારોએ આમ આદમી પાર્ટીની પેનલનું વિજય નિશ્ચિત હોવાનો આડકતરો સ્વિકાર કર્યાનું પણ શ્રીભુવાએ વર્ણવ્યું હતું.




રાહુલ ભુવાએ તો એવું દ્રઢ પૂર્વક જણાવ્યું હતું કે વોર્ડ ચારમાં ઢીંગુ મતદાન આમ આદમી પાર્ટીના પ્રયાસો થી થયું છે અને આમ આદમી પાર્ટીની પેનલ સારી એવી લીડ થી વિજય થશે. તેમના જણાવ્યા મુજબ વોર્ડ ચાર ની સાથોસાથ વોર્ડ આઠ તથા અન્ય ચાર વોર્ડમાં પણ આમ આદમી પાર્ટી કાઠું કાઢશે અને દસેક બેઠકો ઉપર આમ આદમી પાર્ટીનું જાદુ ફરી વર્ષે. આમ આદમી પાર્ટીના વોટ ૪ ના ઉમેદવાર રાહુલ ભુવાની આગમવાણી મુજબ રાજકોટ મનપામાં શાનદાર પ્રવેશ કરશે તેવી દ્રઢતા મુજબના જો પરિણામ આવશે તો રાજકોટ મહાનગરપાલિકાના સમીકરણો ધડમૂળથી બદલાઈ જશે. બીજી તરફ કોંગ્રેસી આગેવાનો પણ ૧૫ સીટો પર ઝળહળતો વિજય થાય તેવી સંભાવના દર્શાવી રહ્યા છે ત્યારે જો મહાનગરપાલિકામાં વિપક્ષોની મજબૂતાઈ વધશે તો રાજકારણના સમીકરણો બદલાઈ જવાની પૂરી સંભાવના રાજકીય તજજ્ઞ જોઈ રહ્યા છે.

### અનેક વોર્ડમાં ક્રોસ વોટિંગ ભાજપ માટે ચિંતાનો વિષય

## વોર્ડ આઠમાં આમ આદમી પાર્ટીના શિવલાલ બારસીયા કાઢી શકે છે કાઠું




રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના ગઈકાલના મતદાનમાં અનેક વોર્ડમાં બેફામ ક્રોસ વોટિંગ થયાના વાવડ મળી રહ્યા છે. વોર્ડ ૧,૨,૩,૪,૧૧,૧૨,૧૩,૧૬,૧૭ અને ૧૮માં પાટીદાર મતોમાં ક્રોસ વોટિંગ થયાનું મનાય છે. ત્યારે વોર્ડ આઠમાં ગત મનપાની ચૂંટણી અને ગત વિધાનસભામાં ચૂંટણી જંગમાં ઝુકાવી નોંધપાત્ર મતો મેળવી જનાર શિવલાલ બારસિયા વોર્ડ આઠમાંથી ચૂંટણી લડી છે અને ભાજપની પેનલ ને જોરદાર લડત આપી છે. તેમ પણ મનાઈ રહ્યું છે ત્યારે ભાજપે પોતાના અભેદ ગઢ સમાન આઠ નંબરમાં ઉમેદવારો નક્કી કરવામાં મોટી થાપ ખાધી હોવાનું ચિત્ર ઉપસ્યું છે. મતદારોનો મિજાજ જોતા વોર્ડ આઠમાં અભૂતપૂર્વક ક્રોસ વોટિંગ થયું હોવાની ચર્ચા છે ત્યારે આમ આદમી પાર્ટીના વરિષ્ઠ આગેવાન ઉદ્યોગપતિ શિવલાલ બારસિયા તરફ પાટીદાર મતદારોનો જોક રહ્યાનું મનાઈ છે. ત્યારે વોર્ડ આઠમાં શિવલાલ બારસીયા એ ભાજપને કાટે કી ટક્કર આપ્યા નું મનાય છે. શિવલાલ બારસીયા ભાજપની પેનલ ને તોડવા માં સફળ થઈ શકે છે તેવું ચિત્ર મતદાન સમયે ઉપસ્યું છે. શિવલાલ બારસિયા જીતી શકે છે તેવી પણ ચર્ચા જાગી છે અને ચૂંટાઈ આવે અથવા નોંધપાત્ર મતો મેળવી જાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

વોર્ડ આઠ એવોર્ડ છે કે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ વોર્ડ આઠમાં ભાજપ માટે જીતવું અત્યંત સહેલું છે પરંતુ જ્ઞાતિ સમીકરણો જોતા એવું સ્પષ્ટ માની શકાય કે અહીંયા એક કડવા પાટીદાર પુરુષ અથવા લેઉવા પાટીદાર પુરુષ પેનલમાં હોવા અતિ આવશ્યક છે.

પરંતુ આ ચૂંટણીમાં એક બેઠક ઓબીસી અનામત આવી છે ત્યારે ભાજપે એક ટિકિટ બ્રહ્મ સમાજને આપતા ચોક્કસ સમાજમાં ભારે નારાજગી ફેલાય છે અને તેના પરિણામે ભાજપના અજય ગઢ મનાતા આ વોર્ડમાં ભાજપની પેનલ તૂટી શકે તેવી ચર્ચા જોર પકડ્યું હતું.

આ બોર્ડમાં લેઉવા પાટીદાર તથા કડવા પાટીદારમાં ઊભી થયેલી નારાજગી અને જ્ઞાતિવાદ વાળી સમીકરણને જોતા અને ચૂંટણી પ્રચાર દરમિયાન આમ આદમી પાર્ટીના ઉમેદવાર શિવલાલ બારસિયા ને મળેલા સમર્થન અને ખાનગીમાં મળેલી મીટીંગો મળતા અહેવાલો પરથી એમ જણાય છે કે વોર્ડ આઠમાં ભાજપની પેનલમાં જબરુ ક્રોસ વોટિંગ થયું છે જેથી આમ આદમી પાર્ટીના શિવલાલ બારસિયા જીતી પણ શકે છે અથવા તો નોંધપાત્ર મતો મેળવી જાય તેવા નિર્દેશો મળે છે.

# રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૫૮.૯૮ ટકા મતદાન

## સૌથી વધુ મતદાન બેડલા બેઠક પર ૭૫. ૩૧ ટકા નોંધાયું જ્યારે સૌથી ઓછું મતદાન લોધિકા બેઠકમાં ૪૧.૪૧ ટકા નોંધાયું




રાજકોટ, તા. ૨૬
સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પરની વાત કરવામાં આવે તો કુલ ૫૮.૯૮% મતદાન નોંધાયું છે જેમાં ૬૩.૮૫ ટકા પુરુષ તથા ૫૩.૬૬ ટકા મહિલા હોય પોતાના મતઅધિકારનો ઉપયોગ કર્યો હતો. મળતી માહિતી મુજબ સૌથી વધુ મતદાન બેડલા બેઠક પર ૭૫. ૩૧ ટકા નોંધાયું જ્યારે સૌથી ઓછું મતદાન લોધિકા બેઠકમાં ૪૧. ૪૧% નોંધાયું છે. સમગ્ર ચૂંટણી દરમિયાન ૩૬ બેઠકોમાંથી એક બેઠક એટલે કે શિવરાજગઢમાં બેલેટ યુનિટ ક્ષતિગ્રસ્ત થયું હતું જ્યારે કંટ્રોલ યુનિટ ની વાત કરવામાં આવે તો બેડી, બેડલા બેઠક પર બગડીયા હતા જેને તાકીદે રિપ્લેસ કરવામાં આવ્યા હતા અને મતદાનની પ્રક્રિયા સુચારુ રૂપથી આગળ વધી હતી. ૩૬ બેઠકોની વાત કરવામાં આવે તો કુલ મતદારો ૯.૫૬ લાખ નોંધાયા છે જેમાંથી ૫.૬૪ લાખ મતદારોએ મતદાન કરી ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ કર્યું હતું.

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે કુલ ૧૦૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. જેમાંથી કુલ આઠ ઉમેદવારો ફોર્મ પાછા ખેંચ્યા હતા.અગાઉ ૪૩ ઉમેદવારોના ફોર્મ ચકાસણી વખતે રદ થયા હતા. ૧૦૯માંથી સૌથી વધુ ૩૬ ઉમેદવારો ભાજપના છે જ્યારે કોંગ્રેસના ૩૪, આમ આદમી પાર્ટીના ૩૩, બહુજન સમાજ પાર્ટી તથા અન્ય પક્ષના ૧-૧ અને અપક્ષ તરીકે ચાર ઉમેદવારો છે.કોંગ્રેસને લાગેવળગે છે ત્યાં સુધી ચરખડી અને સરધાર બેઠક પર તેના કોઇ ઉમેદવાર નથી. ચરખડીમાં પાર્ટીનું ઉમેદવારી ફોર્મ જ રજુ થયું નહતું જ્યારે સરધારમાં પાર્ટીએ ઢાંકેચાને ટીકીટ આપી હતી જેઓએ ભાજપનો ખેસ પહેરીને ફોર્મ પાછું ખેંચી લીધું હતું.

જો કે, આ બેઠકો પર અન્ય ઉમેદવારો અકબંધ રહેતા તે બિનહરિફ થઇ ન હતી. આ જ રીતે આમ આદમી પાર્ટી (આપ)ના સુપેડી, પેઢલા તથા જામકંડોરણામાં ઉમેદવાર નથી જ્યાં અન્ય પક્ષના ઉમેદવાર હોવાથી તે બેઠકો પર બિનહરિફ થઇ શકી નહતી.રસપ્રદ વાત એ છે કે, જિલ્લા પંચાયતની ૩૬માંથી ૨૮ બેઠકો પર ત્રિપાંખિયો જંગ છે જ્યાં ૩-૩ ઉમેદવારો મેદાનમાં હતા. જ્યારે ચાર બેઠકો પર સીધો દ્વિપક્ષી જંગ છે અર્થાત બે-બે ઉમેદવારો વચ્ચે જ મુકાબલો છે. આ બેઠકોમાં ચરખડી, સુપેડી, પેઢલા તથા જામકંડોરણા બેઠક સામેલ છે.આ સિવાય જસદણ તાલુકાના ભાડલા બેઠક પરથી સૌથી વધુ પાંચ ઉમેદવારો મેદાનમાં છે. જ્યાં ભાજપ, કોંગ્રેસ, આપ અને બે અપક્ષ છે. આ જ રીતે રાજકોટ તાલુકાના આણંદ પર તથા ઉપલેટા તાલુકાની ડુમીયાણી બેઠકોમાં ૪-૪ ઉમેદવારો રહ્યા છે.રાજકીય સૂત્રોના કહેવા પ્રમાણે જિલ્લા લેવલે અપક્ષ ઉમેદવારોની સંખ્યા ઘણી ઓછી છે. આ સંજોગોમાં સીધો ત્રિપાંખીયો જંગ જ જોવા મળ્યો હતો.

### ક્યાં બેઠક પર કેટલા ટકા મતદાન નોંધાયું

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આણંદપર | ૭૦.૮૫ | દેરડી | ૫૨.૦૬ | લોધીકા | ૪૧.૪૧ | સરપદડ | ૬૬.૩૪ |
| આટકોટ | ૫૪.૫૩ | ડુમિયાણી | ૫૮.૮૫ | મોટીમારડ | ૫૩.૮૧ | સરધાર | ૭૨.૬૮ |
| બેડી | ૬૬.૮૯ | જામકંડોરણા | ૫૫.૨૨ | મોવિયા | ૬૦.૪૮ | શિવરાજગઢ | ૬૩.૬૬ |
| બેડલા | ૭૫.૩૧ | કમળાપુર | ૬૩.૪૭ | પડધરી | ૬૭.૨૮ | સુપેડી | ૫૮.૬૩ |
| ભાડલા | ૬૮.૪૧ | કસ્તુરબાધામ | ૬૭.૮૭ | પાનેલી મોટી | ૫૬.૯૯ | થાણા ગાલોળ | ૫૨.૪૩ |
| ભડલી | ૬૧.૦૫ | કોલીથડ | ૫૪.૩૦ | પારડી | ૪૬.૮૮ | વેરાવળ | ૫૫.૯૧ |
| બોરડી સમઢીયાળા | ૫૨.૦૪ | કોલકી | ૬૦.૩૭ | પેઢલા | ૫૬.૫૬ | વિછીયા | ૫૯.૦૦ |
| ચરખડી મોટી | ૪૯.૭૧ | કોટડા સાંગાણી | ૬૪.૦૯ | પીપરડી | ૫૯.૯૮ | વિરપુર | ૫૮.૬૩ |
| દડવી | ૪૭.૨૯ | કુવાડવા | ૭૪.૩૧ | સાણથલી | ૫૧.૮૪ | ................................ | |

### રાજકોટ તાલુકામાં સૌથી વધુ ૭૨.૧૦ ટકા, અને સૌથી ઓછું જામકંડોરણમાં ૫૧.૨૯ ટકા મતદાન નોંધાયું

# રાજકોટની ૧૧ તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ૬૦.૩૬ ટકા મતદાન

રાજકોટ, તા. ૨૬
રાજકોટ જીલ્લાના ૧૧ તાલુકાની ૨૦૨ બેઠકો માટે ૫૯૫ ઉમેદવારો મેદાને છે જેમાં ભારતીય જનતા પાર્ટી માંથી ૧૯૮, કોંગ્રેસમાંથી ૧૭૮, બહુજન સમાજ પાર્ટીમાંથી ૪, સમાજવાદી પાર્ટીમાંથી ૪, આમ આદમી પાર્ટી ના ૧૮૦ અને અપક્ષ માંથી ૩૧ ઉમેદવારો મેદાને હતા જેમાંથી ચાર અગાઉથી બિનહરીફ થયા હતા. જ્યારે ૧૫ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. ત્યારે તાલુકા પંચાયતમાં પણ ત્રિપાંખ્યો જંગ જોવા મળ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા એ જિલ્લા પંચાયતની સાથોસાથ તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો માટે પણ જીતનો ભરોસો વ્યક્ત કર્યો હતો ત્યારે ગઈકાલે સાંજે ૬:૦૦ વાગે ચૂંટણી પૂર્ણ થતા અંતે રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકા ની ૨૦૨ બેઠકો માટે ૬૦.૩૬% મતદાન નોંધાયું હતું.

મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકા પંચાયત માટે સૌથી વધુ ૭૨.૧૦ ટકા મતદાન નોંધાયું જ્યારે સૌથી ઓછું મતદાન જામકંડોરણાની બેઠક પર ૫૧.૨૯ ટકા નોંધાયું. હાલ તાલુકા પંચાયતની ૧૧ બેઠકો માટે કુલ ૫.૬૫ લાખ મતદારોએ મતદાન કર્યું હતું જેમાં પુરુષ મતદારોની ટકાવારી ૬૫.૩૩%, જ્યારે મહિલા મતદારોની ટકાવારી ૫૪.૯૪ ટકા જોવા મળી. ૧૧ તાલુકા ની ૨૦૨ બેઠકો માટે ૩.૨૦ લાખ પુરુષ તથા ૨.૪૪ લાખ મહિલા મતદારોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો અને ૨૦૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમ માં સીલ કર્યા છે. હાલ તાલુકા પંચાયતની ચાર બેઠક બિનહરીફ થઈ ગઈ છે. આ વખતે તાલુકા પંચાયતની ચૂંટણી પણ અત્યંત રસાકસી ભરી જોવા મળશે. ત્યારે તાલુકા પંચાયતમાં કયો પક્ષ બાજી મારશે તે હવે જોવાનું રહ્યું પરંતુ આ વખતે ભાજપ માટે પણ હાલ સરળ નહીં રહે તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

તાલુકાની વાત કરવામાં આવે તો રાજકોટ તાલુકામાં કુલ ૯૩ હજાર મતદારોએ મતદાન કર્યું હતું, જ્યારે કોટડાસાંગાણીમાં ૩૯,૮૪૫, લોધિકામાં ૩૨,૧૮૬, પડધરીમાં ૪૧,૧૫૬, ગોંડલમાં ૭૦૪૪૯, જેતપુરમાં ૫૩,૨૬૦, ધોરાજીમાં ૨૭, ૭૮૪, ઉપલેટામાં ૪૩,૪૨૦, જામકંડોરણામાં ૩૧,૧૩૭, જસદણમાં ૭૫,૬૫૪ તથા વિછીયામાં ૫૭,૩૧૮ મતદારોએ મતદાન કર્યું હતું. હાલ તાલુકા પંચાયત ની ચૂંટણીમાં કોઈ જગ્યાએ ગેરરીતી અથવા તો કોઈ જ એવો બનાવ બન્યો ન હતો અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. ત્યારે આવતીકાલે તમામ ૨૦૨ ઉમેદવારો અને રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતોની બેઠકોનું પરિણામ જાહેર થઈ જશે ત્યારે ભાજપ વધુને વધુ બેઠક અંગે કરે તેવો ભરોસો વિવિધ રાજકીય આગેવાનોએ વ્યક્ત કર્યો છે.

| અ. નં. | તાલુકા પંચાયત સીટનું નામ અને નંબર | મતદારોની સંખ્યા | | | પ્રોગ્રેસીવ કુલ મતદાન મતદારોની સંખ્યા | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | રાજકોટ તાલુકા | 68646 | 60477 | 129123 | 52305 | 40793 | 93098 | 76.20 | 67.45 | 72.10 |
| 2 | કોટડાસાંગાણ | 34729 | 31347 | 66076 | 22847 | 16998 | 39845 | 65.79 | 54.23 | 60.30 |
| 3 | લોધિકા | 24400 | 22202 | 46602 | 18074 | 14112 | 32186 | 74.07 | 63.56 | 69.07 |
| 4 | પડધરી | 32038 | 29557 | 61595 | 23032 | 18124 | 41156 | 71.89 | 61.32 | 66.82 |
| 5 | ગોંડલ | 68849 | 63187 | 132036 | 40664 | 29785 | 70449 | 59.06 | 47.14 | 53.36 |
| 6 | જેતપુર | 51189 | 46247 | 97436 | 30616 | 22644 | 53260 | 59.81 | 48.96 | 54.66 |
| 7 | ધોરાજી | 25816 | 23077 | 48893 | 15730 | 12054 | 27784 | 60.93 | 52.23 | 56.83 |
| 8 | ઉપલેટા | 38873 | 35101 | 73974 | 24537 | 18883 | 43420 | 63.12 | 53.80 | 58.70 |
| 9 | જામકંડોરણા | 31589 | 28635 | 60702 | 18118 | 13019 | 31137 | 57.36 | 45.47 | 51.29 |
| 10 | જસદણ | 64901 | 59745 | 124646 | 42613 | 33041 | 75654 | 65.66 | 55.30 | 60.70 |
| 11 | વિછીયા | 49898 | 45613 | 95511 | 32164 | 25154 | 57318 | 64.46 | 55.15 | 60.01 |
| | | 490928 | 445188 | 936594 | 320700 | 244607 | 565307 | 65.33 | 54.94 | 60.36 |

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ભવિષ્ય ઘરબાયું

## રાજકોટમાં મતની ટકાવારી ઘટી, ગરમી ક્યા ઉમેદવારને દઝાડશે ?



રાજકોટની ધરતી પર રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યા બાદ હવે શાંતિ પ્રસરી છે. ગઈકાલે લોકશાહીના પર્વમાં મતદારોએ પોતાનો મતાધિકાર વાપર્યો હતો. જોકે, આ વખતે રાજકોટમાં ગત ચૂંટણીની સરખામણીએ મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ૬૦,૦૦૦ મતો ઓછા પડ્યા છે.આ ઘટતી ટકાવારીએ અનેક રાજકીય પંડિતો અને ઉમેદવારોની ઊંઘ ઉડાવી દીધી છે. લોકોમાં જોવા મળેલો નિરસ માહોલ અને આકાશમાંથી વરસેલી કાળઝાળ ગરમી મતદાન ઘટવા પાછળના મુખ્ય કારણો મનાય છે.

હાલમાં તમામ ઉમેદવારોનું ભવિષ્ય ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે ઈવીએમમાં સીલ થઈ ગયું છે. આવતીકાલે જ્યારે મતગણતરી હાથ ધરાશે ત્યારે જ રહસ્ય પરથી પડદો ઊંચકાશે. અત્યારે તો માત્ર અનુમાનોની આંધી ચાલી રહી છે. ગલીએ ગલીએ અને સોશિયલ મીડિયામાં હાર-જીતના ગણિત મંડાઈ રહ્યા છે. અમુક બેઠકો પર રસાકસી એટલી તીવ્ર છે કે ઉમેદવારોના શ્વાસ અત્યારથી જ અદ્ધર થઈ ગયા છે.

મોટાભાગના રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપના પરંપરાગત મતો પડ્યા છે. કેડર બેઝ પાર્ટી હોવાને કારણે ભાજપ સરળતાથી સત્તા ગ્રહણ કરશે તેવું ચિત્ર પ્રથમ દ્રષ્ટિએ જણાય છે. પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે. કેટલાક વિશ્લેષકો ખાનગીમાં ચર્ચા કરી રહ્યા છે કે પક્ષમાં આંતરિક અસંતોષ તીવ્ર હતો. ટિકિટ વિતરણથી માંડીને સ્થાનિક પ્રશ્નો સુધીના મુદ્દે કાર્યકરોમાં નારાજગી હતી. ''ભાજપ જ ભાજપને હરાવે'' તેવી સ્થિતિ કેટલીક બેઠકો પર હોવાનું ચર્ચાય છે.રાજકોટની બેઠકો પર આંચકાજનક પરિણામો મળી શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. ઓછું મતદાન હંમેશા દરેક પક્ષો માટે ચિંતાનો વિષય હોય છે.

શું આ નિરસતા શાસક પક્ષ સામેનો વિરોધ છે કે પછી મતદારોની ઉદાસીનતા? તે સવાલ યથાવત છે. આજે રાજકીય માહોલ સંપૂર્ણપણે શાંત ભલે લાગે, પરંતુ આ શાંતિ તોફાન પહેલાની હોઈ શકે છે. કાલે સવારે જ્યારે મતોની ગણતરી શરૂ થશે, ત્યારે ખબર પડશે કે મે મહિનાની આ ગરમીમાં ખરેખર કયા ઉમેદવાર દઝાયા છે. અત્યારે તો રાજકોટના રાજકારણમાં ભારે ઉત્તેજના અને સસ્પેન્સનો માહોલ છે. દરેક પક્ષ પોતપોતાની જીતના દાવા કરી રહ્યો છે, પણ અંતિમ ફેંસલો તો જનતા જનાર્દને મશીનમાં કેદ કરી દીધો છે.

# ૫૫ કલાક પૂછપરછ કરવામાં આવી : રાહુલ

## મમતા બેનરજી સામે આક્ષેપક કરતા કહ્યું કેમ કોઈ તપાસ નહીં : બંગાળમાં રાહુલ ગાંધીનો બેવડો હુમલો



રાજકોટ, તા. ૨૬

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું કે ભાજપ સરકારે તેમની વિરુદ્ધ અનેક કેસ દાખલ કર્યા છે, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી સામે નહીં, અને દાવો કર્યો કે આ એટલા માટે છે કારણ કે તેઓ ભાજપ સામે 'સીધી' લડતા નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા સતત પાંચ દિવસમાં ૫૫ કલાક પૂછપરછ કરવામાં આવી હોવાનું જણાવતા, કોંગ્રેસના નેતાએ પૂછ્યું, 'મમતા બેનર્જીની કેટલા કલાક પૂછપરછ કરવામાં આવી?' લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીની ED કે CBI દ્વારા તપાસ કરવામાં આવી રહી નથી.

'આ એટલા માટે છે કારણ કે તેઓ સીધી ભાજપ સામે લડતા નથી,' રાહુલ ગાંધીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે હુગલી જિલ્લાના શ્રીરામપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું. હાલમાં તેઓ જામીન પર છે તે તરફ ધ્યાન દોરતા રાહુલ ગાંધીએ કહ્યું, 'મારું ઘર છીનવી લેવામાં આવ્યું હતું, મારી લોકસભા સભ્યપદ છીનવી લેવામાં આવી હતી; મારી વિરુદ્ધ ૩૬ કેસ છે.' કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખે કહ્યું કે તેમને દર ૧૦-૧૫ દિવસે ઝારખંડ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને બિહાર જેવા વિવિધ રાજ્યોમાં તેમની સામે દાખલ થયેલા કેસ લડવા માટે જવું પડે છે.

તેમણે કહ્યું, 'હું પૂછવા માંગુ છું કે ભાજપ સરકારે મમતા બેનર્જી સામે કેટલા કેસ દાખલ કર્યા છે?' રાહુલ ગાંધીએ કહ્યું કે ફક્ત કોંગ્રેસ પાર્ટી જ વિચારધારાના આધારે ભાજપનો સામનો કરે છે. તેમણે દાવો કર્યો કે મોદી તેમના પર, પાર્ટીના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને અન્ય લોકો પર ૨૪/૭ હુમલો કરે છે. પીએમ ફક્ત રાજ્યની ચૂંટણીઓ દરમિયાન જ ટીએમસીના વડા પર હુમલો કરે છે તેવો દાવો કરતા તેમણે કહ્યું, 'બંગાળની ચૂંટણીઓ પૂરી થવા દો; નરેન્દ્ર મોદી મમતા બેનર્જી સામે એક પણ શબ્દ નહીં બોલે.'

રાહુલ ગાંધીએ કહ્યું કે મોદી જાણે છે કે ફક્ત કોંગ્રેસ પાર્ટી જ ભાજપ અને આરએસએસ અને તેમની વિચારધારાને હરાવી શકે છે, તૃણમૂલ કોંગ્રેસને નહીં.

તેમણે ટીએમસી સુપ્રીમો પર પશ્ચિમ બંગાળમાં ઉદ્યોગનો નાશ કરવાનો અને બેરોજગારી પેદા કરવાનો આરોપ લગાવ્યો. 'બંગાળમાં નોકરી મેળવવા માટે, ટીએમસીમાં સંબંધીઓ હોવા જોઈએ, નહીં તો તેમને એક પણ નહીં મળે,' તેમણે કહ્યું, મુખ્યમંત્રી પર તેમના પક્ષના ગુંડાઓ અને કાર્યકરોના ફાયદા માટે કામ કરવાનો આરોપ લગાવ્યો. મમતા બેનર્જી પર લોકોના કલ્યાણ અને તેમની આવક વધારવા માટે કંઈ ન કરવાનો આરોપ લગાવતા, કોંગ્રેસના નેતાએ નજીકના હિંદમોટરમાં બંધ પડેલી હિન્દુસ્તાન મોટર્સ ફેક્ટરી તરફ ઈશારો કર્યો. તેમણે કહ્યું, 'બંગાળ દેશમાં ઉદ્યોગનું કેન્દ્ર હતું, પરંતુ પહેલા ડાબેરી મોરચા અને પછી ટીએમસીએ બધું જ નષ્ટ કરી દીધું.' રાહુલ ગાંધીએ કહ્યું કે શારદા અને રોઝ વેલી પોંઝી કૌભાંડો ટીએમસી સરકાર દરમિયાન હજારો કરોડ રૂપિયાના થયા હતા.

# દુનિયા તણાવનો કરે છે સામનો : મોદી

## વડાપ્રધાન મોદીએ મન કી બાતમાં લોકોને કહ્યું બુદ્ધનો સંદેશ ભૂતકાળ નથી પણ ભવિષ્ય છે



રાજકોટ, તા. ૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશના તરાઈ ક્ષેત્રમાં, કાપણીની મોસમ દરમિયાન હાથીઓના ટોળા ગામડાઓની નજીક આવે છે, જેના કારણે સંઘર્ષનું જોખમ વધે છે. તેમણે કહ્યું કે છત્તીસગઢમાં કાળા હરણ ફરી દેખાયા છે. તેમણે નોંધ્યું કે ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ, જેને ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક સમયે આપણા રણ પ્રદેશોનું લક્ષણ હતું. જોકે, એક સમય એવો આવ્યો જ્યારે તેમની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી. સિલિગુડીના કેન્દ્રીય વિદ્યાલયના ૯મા ધોરણના આશાસ્પદ વિદ્યાર્થી ચંદન મલિકે પીએમ મોદીને તેમની મુલાકાત દરમિયાન હાથથી બનાવેલ ચિત્ર રજૂ કર્યું. પીએમ મોદીએ યુવા કલાકારની કલાને માત્ર ઉષ્માભર્યું સ્વીકાર્યું જ નહીં, પરંતુ એક વ્યક્તિગત પત્ર લખીને તેમનો આત્મવિશ્વાસ પણ વધાર્યો.

પીએમ મોદીએ કહ્યું કે ભગવાન ગૌતમ બુદ્ધનો જીવન સંદેશ આજે પણ એટલો જ સુસંગત છે જેટલો હંમેશ માટે સુસંગત છે. તેમણે આપણને શીખવ્યું કે શાંતિ આપણી અંદરથી શરૂ થાય છે અને પોતાના પર વિજય એ સૌથી મોટી જીત છે. આજે દુનિયા જે તણાવ અને સંઘર્ષોનો સામનો કરી રહી છે તેને જોતાં, બુદ્ધના ઉપદેશો વધુ મહત્વપૂર્ણ બની ગયા છે. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૭ માં કાયદામાં ફેરફાર કરીને, અમે વાંસને પવૃક્ષથ ની શ્રેણીમાંથી દૂર કર્યો. તેના પરિણામો બધાને દેખાય છે. આજે, સમગ્ર પૂર્વોત્તરમાં વાંસ ક્ષેત્ર ખીલી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે પૂર્વોત્તર આપણા બધા માટે પઅષ્ટલક્ષ્મીથ જેવું છે. આજે વાંસ ક્ષેત્રમાં પૂર્વોત્તરની સફળતા વિશે તમારે જાણવું જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં મેથેમેટિકલ ઓલિમ્પિયાડ માટે પસંદગી પ્રક્રિયા ખૂબ જ મુશ્કેલ છે. તેમાં ઘણા તબક્કાઓ શામેલ છે. તેમણે કહ્યું કે આ મહિનાની શરૂઆતમાં, ફ્રાન્સના બોર્ડેક્સમાં પયુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડથ યોજાઈ હતી. આ ઓલિમ્પિયાડમાં, અમારી છોકરીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

મને આ પ્રતિભાશાળી ટીમ પર ખૂબ ગર્વ છે. પીએમ મોદીએ કહ્યું કે જે રાજ્યોમાં સ્વ-ગણતરી પૂર્ણ થઈ છે, ત્યાં ઘરની યાદી પણ શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં, લગભગ ૧૨ મિલિયન પરિવારો માટે ઘરની યાદી પૂર્ણ થઈ ગઈ છે. તેમણે ઉમેર્યું કે આ વખતે, વસ્તી ગણતરીમાં ભાગ લેવાનું સરળ બનાવવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તમે તમારી માહિતી જાતે દાખલ કરી શકો છો.

ગણતરીકારના આગમનના ૧૫ દિવસ પહેલા આ સુવિધા તમને ઉપલબ્ધ થશે. ભારતના વિકાસ માટે સૌર અને પવન ઊર્જા જરૂરી છે. આ ફક્ત પર્યાવરણ વિશે નથી, તે આપણા ભવિષ્યને સુરક્ષિત રાખવા વિશે છે. આમાં આપણે બધાએ ભૂમિકા ભજવવાની છે. તેમણે કહ્યું કે આપણે વીજળી બચાવવી પડશે અને સ્વચ્છ ઊર્જા અપનાવવી પડશે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચરિત્રની ઓળખ

## શ્રીરામ દ્વારા માતા સીતાનો ત્યાગ અવિશ્વાસ નહીં,પરંતુ રામરાજ્યની જરૂરિયાત હતી.



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! અને વૈશાખ સુદ નોમ ને આપણે ત્યાં સીતા નોમ તરીકે ઉજવાય છે, સીતાનાં ચરિત્રને જનક કન્યા, રામ પત્ની અને લવ કુશ ની માતા ત્રણ રીતે આલેખી શકાય! જોકે આમ તો દરેક સ્ત્રીનું જીવન આ મુખ્ય ત્રણ કિરદારમાં વહેંચાયેલું હોય છે. ગમે તે દીકરી હોય એ જે રીતે બાપને ઘેર રહેતી હોય એ રીતે એ બીજે ક્યાંય રહી શકતી નથી, બીજે ઘેર એને આમન્યા, શીલ, લજ્જા, મર્યાદા, જેવાં સંસ્કારોનું આવરણ પહેરીને જીવવું પડે છે, પછી સમય ગમે તે હોય. વર્તમાન સમયમાં સ્ત્રીઓ એક સુપર પાવર ધરાવતાં કેરેક્ટર તરીકે જીવી રહી છે, અને ક્યાંક એ વગર લગ્ને મા બનવાનાં નિર્ણય લે છે, અથવા રિલેશનશીપની ભેટ તરીકે માતૃત્વ પ્રાપ્ત થાય છે! ક્યાંક પ્રેમને નામે દગો થાય, તો ક્યાંક ડિવોર્સ થયા પછી પોતાનાં સંતાનોને ઉછેરવા એ એનું લક્ષ્ય હોય, એવું પણ જોવા મળે છે! બસ આમ રીતે ભગવાન રામ અને સીતા પણ અલગ થયાં હતાં, અને પ્રભુ શ્રીરામ દ્વારા સીતા માતાનો ત્યાગ કરવામાં આવ્યો હતો. જોકે તેનું કારણ અવિશ્વાસ કે લગ્ન જીવનની ઉણપ નહોતું, પરંતુ રામરાજ્યની જરૂરિયાત તરીકે એ વાત સ્વીકારવામાં આવી હતી. લક્ષ્મણજીને આદેશ આપવામાં આવ્યો કે,તે માતા સીતાને અરણ્યમાં છોડી આવે. તો આજે એક સિંગલ વુમન અને સિંગલ મધર તરીકેની માતા સીતાની જીવનચર્યા પર આજે આપણે ચિંતન કરીશું.

પ્રભુ શ્રીરામ દ્વારા માતા સીતાનો ત્યાગ કરવામાં આવ્યો, ત્યારે સીતાજી ગર્ભવતી હતાં, અને લક્ષ્મણજી તેમને વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે છોડીને અયોધ્યા પરત ફર્યા. સીતાજીએ વાલ્મીકિના આશ્રમમાં આશરો લીધો, અને પોતાના ગર્ભવતીનાં આ સમયમાં તેમણે વાલ્મીકિ ઋષિ પાસેથી પિતાનો સ્નેહ પ્રાપ્ત કર્યો. સમયાંતરે તેમણે ઇક્ષ્વાકુ કુળના પુત્રોને જન્મ આપ્યો, અને વાલ્મિકી ઋષિ એ તેને લવ કુશ નામ આપ્યા. પરંતુ લવ-કુશના જન્મ બાબતે પણ બે મત પ્રવર્તે છે, અથવા તો અન્ય એક દંતકથા પણ પ્રચલિત છે.

વાલ્મિકી રામાયણમાં આઠમો કાંડ લવકુશકાંડ તરીકે પ્રચલિત છે, અને તેમાં લવ કુશનાં જન્મની એક કથા છે, કે માતા સીતાએ ફક્ત એક પુત્રને જન્મ આપ્યો હતો, અને તેનું નામ લવ રાખવામાં આવ્યું હતું. માતા સીતા એ નદી સ્નાન વખતે વાલ્મીકિ ઋષિને પોતાના પુત્ર લવનું ધ્યાન રાખવાનું કહ્યું. પરંતુ તેમણે જોયું કે ઋષિનું ધ્યાન નથી, અને ત્યાં ખૂંખાર જંગલી પ્રાણીઓ હતાં, એટલે માતૃત્વ ભાવ છલકાઈ ગયો, અને તેમને થયું કે ઋષિનું ધ્યાન નહીં રહે, અને પોતાનાં બાળકને કોઈ હિંસક પશુ ખાઈ જશે, આથી તે વાલ્મીકિ ઋષિને જણાવ્યા વગર પોતાની સાથે જ પોતાના પુત્રને લઈને સ્નાન કરવા જાય છે. આ બાજુ વાલ્મીકિ ઋષિ થોડીવાર પછી બળકને શોધે છે, અને તેને થાય છે કે હમણાં સીતે પાછી આવશે અને પૂછશે, કે મારો પુત્ર ક્યાં છે? તો હું શું જવાબ આપીશ? આ સાથે તેમણે આશ્રમમાં ઉગતા કુશ નામના ઘાસનું પુતળું બનાવી, તેની પર મંત્રોચ્ચાર કરી, અને લવ જેવું જ એક બાળક બનાવ્યું. માતાસીતા સ્નાન કરીને પાછા આવે છે, અને ઋષિ તેના હાથમાં લવને જુએ છે, અને એ જ રીતે માતા સીતા ઋષિનાં હાથમાં લવ ને જુવે છે. બંને જણાં તુરંત પરિસ્થિતિ પામી જાય છે. સીતા માતા ઋષિનાં હાથમાં રહેલાં બાળકને જોઈને અત્યંત ખુશ થઇ જાય છે, અને તે કુશ નામનાં ઘાસમાંથી ઉદ્ભવ પામ્યું હોવાથી, તેનું નામ કુશ રાખવામાં આવે છે. આમ સીતા માતા જોડીયા સંતાનોની માતા બને છે.

વાલ્મીકિ ઋષિ બધી જ શાસ્ત્ર અને શસ્ત્ર વિદ્યા બંને બાળકોને આપે છે, અને આશ્રમમાં તેમની નજર હેઠળ તેમનો ઉછેર થાય છે. આમ આશ્રમનું જીવન જીવતાં હોવાં છતાં, તેમની ખ્યાતિ દેશ પ્રદેશ સુધી પહોચે છે. માતાસીતા પોતાના પુત્રોની સિદ્ધિ પ્રસિદ્ધિથી ખૂબ જ ખુશ થાય છે, અને સીંગલ મધર તરીકે પોતે પોતાનું કર્તવ્ય નિભાવી શક્યાનો સંતોષ અનુભવે છે. વાલ્મીકિ ઋષિ પણ આ બે બાળકોને પોતાના કુળ તેમજ ખાનદાનનો પરિચય મળી રહે, માટે એના ઈતિહાસ તરીકે રાજા દશરથથી શરૂ કરીને રાજારામ સુધીની કથાનું ગાયન રોજ સંભળાવતા હતા. પ્રભુ શ્રીરામ આયોજિત અશ્વમેઘ યજ્ઞનો ઘોડો લવકુશ પકડે છે, અને શત્રુઘ્નને હરાવીને એ બંને અયોધ્યાનાં રાજ દરબારમાં પહોંચે છે, અને ત્યાં પોતાનાં જન્મની કથા પ્રભુ શ્રીરામને સંભળાવે છે. પ્રભુ શ્રીરામ પોતાનાં પુત્રોને પોતાની નજર સામે જોઈને ગદ્ગદિત થઈ જાય છે. બંને પુત્રો તેમના પિતા પાસે પાછા પહોંચી ગયાની વાત, જ્યારે સીતા માતાને મળે છે. ત્યારે તેને થાય છે, કે હવે લવકુશ પોતાનાં પિતાને આગ્રહ કરશે કે, તેની માતાને તેડી આવે, અથવા પોતાની માતાને આવી સ્થિતિમાં ફક્ત પ્રજા શું કહેશે! શું એ માટે છોડી દીધી હતી? એવો પ્રશ્ન કરશે, અને પ્રભુ શું જવાબ આપશે! એટલે તેમને પોતાની માતાની માંફી માંગવાનું કહેશે. આ બધું માતા સીતા ઇચ્છતાં ન્હોતાં, માટે તે જે સ્થાન પર ઉભા હતા ત્યાંથી ધરતીમાં સમાઈ જવા માટે પ્રાર્થના કરે છે, અને ધરતીમાતા તરત જ તેમની પ્રાર્થના સાંભળે છે. પર્વતનાં બે ભાગ થાય છે, અને સીતા માતા તેમાં સમાઈ જાય છે.

આ સ્થાનને સીતા કુંડ તરીકે ઓળખવામાં આવે છે.અહીં આગળ એક તળાવ છે, અને તેમાં રામ લક્ષ્મણ અને જાનકી નામના જળ વિસ્તારનાં ત્રણ ભાગ બતાવવામાં આવે છે. તેની ખાસિયત એ છે કે શિયાળામાં આ પાણી ગરમ હોય છે, જ્યારે ઉનાળામાં તે પાણી ઠંડુ થઈ જાય છે.

સીતા માતા તો આમ પણ માતા તરીકે જ ઓળખાય છે, પરંતુ માતા તરીકે કોઈપણ સ્ત્રી ઉત્તમ ચરિત્ર ધરાવતી હોય છે. પછી તે પતિ સાથે હોય કે સીંગલ મધર હોય, તે પોતાના સંતાન માટે પોતાના જીવનનું સર્વસ્વ હોમી દેતી હોય છે. તેના ઉછેરમાં કોઈ કમી રહી જાય નહીં એ માટે તે દિવસ-રાત સંઘર્ષ કરતી હોય છે. સમાજની પરવાહ કર્યા વગર તે પોતાના બાળકનો ઉછેર કરતી હોય છે. ભવિષ્યમાં તેનું બાળક સિંગલ વુમન કે સિંગલ મધર તરીકે હોવાથી તેનો વિકાસ થયો નથી, કે તેને આ વસ્તુ મળી નહીં, એવો અફસોસ ન કરે એ વાતનું પણ એ ધ્યાન રાખતી હોય છે. પુરુષ કરતાં સ્ત્રી સંવેદનશીલ તેમજ વધુ સહનશીલ હોવાથી કુદરતે સંતાનના ઉછેરની મોટાભાગની જવાબદારી સ્ત્રી પર નાખી છે, અને સ્ત્રી તેને પૂર્ણ રૂપે અંજામ પણ આપે છે. યુગ ગમે તે હોય પણ પરીક્ષા હંમેશા સ્ત્રીઓએ જ આપવી પડે છે, એ વાત યાદ રાખી અને સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ફેરવાઈ ન જાય! મર્યાદા આપણો ઉચ્ચતમ સંસ્કાર છે, તેની ગરિમા મુજબ એને નિભાવીને, સીતા માતા જેવું ઉચ્ચતમ ચરિત્ર કેળવીને, સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલાં, ગૃહસ્થાશ્રમને સમજવો પડશે, સંવારવો પડશે, અને લગ્નજીવનને દિવ્ય તેમજ પ્રસન્ન બનાવવું પડશે, તો જ આપણી સમાજ વ્યવસ્થા મજબૂત બનશે. કળિયુગ દિવસેને દિવસે પોતાનો પ્રભાવ વધારતો જાય છે, આવનારા દિવસો હજી આનાથી પણ વધુ ભયંકર હશે. ત્યારે સ્ત્રી તેમજ પુરુષે પાયાની એક વાત યાદ રાખવાની છે, કે સ્ત્રી હોય કે પુરુષ બંને એકબીજાના પૂરક છે. બંને એકબીજા વગર અધૂરા છે, અને આ સત્ય સમજી અને એકબીજાના સ્વભાવની મર્યાદાને સ્વીકારીને જીવવામાં આવે તો જ લગ્નજીવન દીપી ઊઠે. આપણે સૌ આપણી સમાજ વ્યવસ્થા મજબૂત બનાવવા માટે, પોત પોતાના લગ્નજીવનને પ્રસન્ન બનાવવાની નિખાલસ કોશિશ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઇશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# ટ્રમ્પ સુરક્ષિત છે તે સાંભળીને રાહત : મોદી

## વોશિંગ્ટન હિલ્ટન હોટેલ ફાયરિંગ પર પીએમ મોદીનું નિવેદન : હુમલાની કરી નિંદા





રાજકોટ, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટન, ડીસીની એક હોટલમાં ગોળીબારની ઘટનાની સખત નિંદા કરી. તેમણે દરેક વ્યક્તિ સુરક્ષિત હોવાના સમાચારને રાહતનો શ્વાસ ગણાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી અને તેને સંપૂર્ણપણે નકારી કાઢવી જોઈએ. તેમણે તેમની સતત સલામતીની પણ કામના કરી. વોશિંગ્ટન, ડીસીની એક હોટલમાં તાજેતરમાં બનેલી સુરક્ષા ઘટના બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે તે જાણીને પીએમ મોદીએ રાહત વ્યક્ત કરી. તેમણે શોક વ્યક્ત કર્યો અને તેમની સતત સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરી. લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી. આવા કૃત્યો કરનારાઓની સર્વાનુમતે નિંદા કરવી જોઈએ.

અહેવાલો અનુસાર, ઘટના દરમિયાન અત્યંત ખતરનાક હથિયારમાંથી આશરે ચારથી પાંચ રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓએ અહેવાલ આપ્યો છે કે સુરક્ષા દળો અને પોલીસ ટીમોએ તરત જ નસ્ત્રગોળીઓનો અવાજસ્ત્રસ્ત્ર શરૂ કર્યો હતો, જેના કારણે રાજકારણીઓ, પત્રકારો અને સેલિબ્રિટીઓ હાજર રહેલા કાર્યક્રમમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. હુમલાખોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો, અને ટ્રમ્પે કહ્યું હતું કે તે કદાચ હત્યાના પ્રયાસ સાથે આવ્યો હશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં ઘટનાની ક્ષણ કેદ કરવામાં આવી છે. ફૂટેજમાં તે વ્યક્તિ ઈવેન્ટ હોલ તરફ ઝડપથી દોડતો દેખાય છે, તે પહેલાં સુરક્ષા કર્મચારીઓ દરમિયાનગીરી કરે છે અને તેને રોકે છે.

ઘટના પછી તરત જ, ટ્રમ્પે એક પત્રકાર પરિષદ સંબોધી અને ગુપ્ત સેવા અને કાયદા અમલીકરણ એજન્સીઓનો તેમના તાત્કાલિક પગલાં બદલ આભાર માન્યો. તેમણે જણાવ્યું કે પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જ હુમલાખોરને ઝડપથી કાબુમાં લેવામાં આવ્યો હતો. જોકે, ટ્રમ્પે એમ પણ કહ્યું કે સ્થળ પર સુરક્ષા વધુ મજબૂત બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે શક્તિશાળી બંદૂકથી સજ્જ હુમલાખોરે સુરક્ષા અધિકારીના બુલેટપ્રૂફ વેસ્ટ પર ગોળીબાર કર્યો હતો, પરંતુ તેમને ખાતરી આપી હતી કે અધિકારી સ્વસ્થ અને સંપૂર્ણ સભાન છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટન, ડીસી, હોટેલમાં ગોળીબારની કડક નિંદા કરી. તેમણે રાહત વ્યક્ત કરી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ, પ્રથમ મહિલા અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે. પીએમ મોદીએ કહ્યું કે લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી. આ ઘટનામાં, હુમલાખોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# કમાણીની તક કે મંદીનો ડર?

## આ અઠવાડિયે બજારની ગતિવિધિઓ ૯ મુખ્ય પરિબળો નક્કી કરશે : સપ્ટેમ્બર ૨૦૨૨ પછી રૂપિયામાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાયો

રાજકોટ તા. ૨૬

આ અઠવાડિયે, નિફ્ટીમાં ૨%નો ઘટાડો થયો, જેનું મુખ્ય કારણ ઈંઝ શેરોમાં ઘટાડો હતો. ઓટો અને ગ્રાહક શેરોમાં પણ નોંધપાત્ર વેચવાલી જોવા મળી. સોમવારે જ્યારે સ્થાનિક બજારો ફરી ખુલશે, ત્યારે અઠવાડિયા દરમિયાન ઘણી મુખ્ય ઘટનાઓ બજારના સેન્ટિમેન્ટ પર અસર કરે તેવી શક્યતા છે. શુક્રવારે, ૫૦-શેર ઇન્ડેક્સ ૨૭૫ પોઇન્ટ અથવા ૧.૧૪% ઘટીને ૨૩,૮૯૮ પર બંધ થયો. છેલ્લા ત્રણ સત્રોમાં બજારોમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી છે, અને યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવે ઇન્ડેક્સ પર દબાણ બનાવ્યું છે. ટેકનિકલ દ્રષ્ટિકોણથી, તેમણે સમજાવ્યું કે દૈનિક ચાર્ટ પર ૧૦૦-દિવસના ઊખઅ ની નજીક પ્રતિકારનો સામનો કર્યા પછી, ઇન્ડેક્સ તેના ફાયદાને ટકાવી રાખવામાં નિષ્ફળ ગયો, જેના કારણે નવી વેચવાલી શરૂ થઈ અને ૨૪,૦૦૦ ના સ્તરથી નીચે આવી ગયો. એકંદર વલણ હવે નબળું દેખાય છે, અને નિફ્ટી ૨૩,૫૦૦ તરફ આગળ વધી શકે છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે ૨૪,૨૦૦ સ્તર એક મુખ્ય અવરોધ છે, અને આ સ્તરથી ઉપર જવાથી બજારના સેન્ટિમેન્ટને સ્થિર કરવામાં મદદ મળી શકે છે. ચાલો આપણે તે પરિબળો પણ સમજાવીએ જે આગામી શેરબજારને અસર કરી શકે છે.



### ફેડ રિઝર્વ પોલિસી મીટિંગ

વૈશ્વિક બજારો યુએસ ફેડરલ રિઝર્વની પોલિસી મીટિંગ પર નજીકથી નજર રાખશે, જે મંગળવાર, ૨૮ એપ્રિલથી શરૂ થશે. પરિણામો બુધવાર, ૨૯ એપ્રિલે જાહેર કરવામાં આવશે. સેન્ટ્રલ બેંક વ્યાજ દર ૩.૫૦-૩.૭૫ ટકા પર રાખે તેવી અપેક્ષા છે.

### ચોથા ક્વાર્ટરના પરિણામો

**BSE** પર લિસ્ટેડ ૨૦૦ થી વધુ કંપનીઓ આ અઠવાડિયે તેમના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. નિફ્ટીના મુખ્ય શેરોમાં કોલ ઈન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, એટરનલ, મારુતિ સુઝુકી ઈન્ડિયા, બજાજ ફાઈનાન્સ, અદાણી પોર્ટ્સ અને **SEZ**, બજાજ ફિનસર્વ, ઇંઝક અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે. નિફ્ટીની બહારના શેરોમાં અઝ સ્મોલ ફાઈનાન્સ બેંક, બજાજ હાઉસિંગ બેંક, બંધન બેંક, **REC**, **GRSE**, અદાણી પાવર, મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસ, વેદાંત, વારી એનર્જી, **ACC**, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને એવન્યુ સુપરમાર્ટનો સમાવેશ થાય છે, જેમના પરિણામો આવવાના છે.

### ઈરાન-ઈઝરાયલ વિવાદ

ઈરાન અને યુએસ વચ્ચે ચાલી રહેલી યુદ્ધવિરામ વાટાઘાટો લગભગ સ્થગિત થઈ ગઈ છે. ઈરાને સંકેત આપ્યો કે તેના અધિકારીઓ આ સંઘર્ષને સમાપ્ત કરવા માટે અમેરિકા સાથે વાટાઘાટો કરવાની યોજના બનાવી રહ્યા નથી, જેણે પહેલાથી જ હજારો લોકોના જીવ લીધા છે અને વૈશ્વિક બજારોમાં ઉથલપાથલ મચાવી છે. ૨૭ ફેબ્રુઆરીએ ઈરાનના ટોચના નેતૃત્વને નિશાન બનાવતા અમેરિકા અને ઈઝરાયલી સંયુક્ત હુમલાઓ પછી શરૂ થયેલો સંઘર્ષ તીવ્રતામાં વધઘટ થયો છે. જોકે દુશ્મનાવટ થોડી હળવી થઈ છે, પરંતુ બંને પક્ષો ઉકેલથી દૂર છે. ઈસ્લામાબાદમાં વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ કોઈ પ્રગતિ કરી શક્યો નથી. આ વાટાઘાટોની દિશા વૈશ્વિક બજારની ભાવનાને પ્રભાવિત કરતી મુખ્ય પરિબળ હોવાની શક્યતા છે.

### યુએસ શેરબજાર

સતત ભૂરાજકીય ચિંતાઓ વચ્ચે, ભારતીય શેરબજાર પણ વોલ સ્ટ્રીટમાંથી સંકેતો લેશે. શુક્રવારે યુએસ બેન્ચમાર્ક સૂચકાંકો મિશ્ર હતા, કારણ કે ફેડના નિર્ણય પહેલા રોકાણકારો સાવધ રહ્યા હતા. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૧૨૭.૮૮ પોઈન્ટ અથવા ૦.૧૬% ઘટીને ૪૯,૨૩૦.૭૧ પર બંધ થયો. **SP** ૫૦૦ ૦.૮૦% (૫૬.૬૮ પોઈન્ટ) વધીને ૭,૧૬૫.૦૮ પર બંધ થયો, જ્યારે ટેક-હેવી નાસ્ડેક કમ્પોઝિટ ૩૯૮.૦૯ પોઈન્ટ અથવા ૧.૬૩% વધીને ૨૪,૮૩૬.૬૦ પર બંધ થયો.

### ક્રૂડ ઓઈલના ભાવ

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ સ્થાનિક બજારો માટે મુખ્ય પરિબળ રહેશે. શુક્રવારે, યુએસ **WTI** ક્રૂડ ફ્યુચર્સ ૦.૯૭ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૯૪.૮૮ પ્રતિ બેરલ પર બંધ થયા, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ૦.૭૭ ટકા અથવા ૦.૮૧ ટકા વધીને ૧૦૫.૩૩ પ્રતિ બેરલ પર બંધ થયા.

### વિદેશી સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ

વિદેશી સંસ્થાકીય રોકાણકારો **(FII)** સપ્તાહ દરમિયાન ભારે વેચવાલ રહ્યા, શુક્રવારે પૂરા થયેલા પાંચ સત્રોમાં ₹૧૭,૧૪૦ કરોડના સ્થાનિક ઇક્વિટી વેચ્યા. એપ્રિલમાં કુલ આઉટફ્લો હવે વધીને ₹૪૩,૯૬૭ કરોડ થયો છે, જેનાથી ૨૦૨૬ માટે અત્યાર સુધીનો કુલ આઉટફ્લો ₹૧,૭૫,૦૮૯ કરોડ થયો છે. શુક્રવારે, **FII** એ ₹૮,૮૨૭.૮૭ કરોડના શેર વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો **(DII)** ₹૪,૭૦૦.૭૧ કરોડના ચોખ્ખા ખરીદદારો હતા.

### ટેકનિકલ સંકેતો

ચાર્ટનું વિશ્લેષણ કરતા, રેલિગેર બ્રોકિંગના રિસર્ચના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે ઈન્ડેક્સ તેના ૨૩,૯૦૦ **(20-DEMA)** ના મહત્વપૂર્ણ સપોર્ટ લેવલથી નીચે સરકી ગયો છે, જે દર્શાવે છે કે ટૂંકા ગાળાનો ટ્રેન્ડ હવે ઘટાડા તરફ ગયો છે. તાત્કાલિક સપોર્ટ ૨૩,૫૦૦ ની આસપાસ જોવા મળી રહ્યો છે. ઉપર તરફ, ૨૪,૨૦૦-૨૪,૫૦૦ ઝોન મજબૂત પ્રતિકાર બેન્ડ તરીકે કાર્ય કરી શકે છે. મિશ્રાએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્તરો તરફના કોઈપણ પગલાને વેચાણ દબાણનો સામનો કરવો પડી શકે છે સિવાય કે ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને સારા વૈશ્વિક સંકેતો દ્વારા ટેકો આપવામાં આવે.

### રૂપિયો વિરુદ્ધ ડોલર

યુએસ ડોલર સામે રૂપિયાની ગતિવિધિ પર નજીકથી નજર રાખવામાં આવશે. ગયા અઠવાડિયે, ભારતીય રૂપિયો પાંચેય ટ્રેડિંગ સત્રોમાં નબળો પડ્યો હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાવ્યો હતો. આ ઘટાડો યુએસ-ઈરાન યુદ્ધવિરામની નાજુકતા અને ઊર્જા પુરવઠામાં સંભવિત વિક્ષેપો અંગેની ચિંતાઓને કારણે થયો હતો, જેના કારણે તેલના ભાવમાં ફરી વધારો થયો હતો. શુક્રવારે, રૂપિયો ૯૪.૨૪૭૫ પર બંધ થયો, જે અઠવાડિયા માટે ૧.૪% નો ઘટાડો દર્શાવે છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા લેવામાં આવેલા નિયમનકારી પગલાં અંગે આશાવાદ અને મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાની સંભાવનાએ ચલણને થોડા સમય માટે ટેકો આપ્યો. જોકે, આ રાહત અલ્પજીવી રહી, કારણ કે શાંતિ વાટાઘાટો અંગે બદલાતી અપેક્ષાઓ વચ્ચે તેલના ભાવમાં વધારો થયો.

### વોચલિસ્ટ પર શેર

મેટલ મેજર વેદાંત ફોકસમાં રહેવાની શક્યતા છે, કારણ કે તેના ડિમર્જરની એક્સ-ડેટ અને રેકોર્ડ ડેટ અનુક્રમે ૩૦ એપ્રિલ અને ૧ મેના રોજ ઘટશે. દરમિયાન, વેદાંતની પેટાકંપની હિન્દુસ્તાન ઝિંકએ શેરધારકોને તેના પ્રતિ શેર રૂ. ૧૧ ના ડિવિડન્ડ માટે પાત્રતા નક્કી કરવા માટે ૩૦ એપ્રિલને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરી છે.

# એક નવો સ્પીડ રેકોર્ડ

## દેશને ૨૦૨૭ માં તેની પ્રથમ સ્વદેશી બુલેટ ટ્રેન મળશે, અને વિશ્વ ભારતીય એન્જિનિયરિંગની શક્તિનું સાક્ષી બનશે

રાજકોટ, તા. ૨૬

ભારત રેલ ટેકનોલોજીમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કરવા જઈ રહ્યું છે. તેની પ્રથમ સ્વદેશી બુલેટ ટ્રેન એપ્રિલ ૨૦૨૭ સુધીમાં પાટા પર ઉતરવાની અપેક્ષા છે. મીડિયા અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટ હાઇ-સ્પીડ રેલ સિસ્ટમમાં આત્મનિર્ભરતા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસો સાથે સુસંગત છે. આ ટ્રેન ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ઈંઈઋ) દ્વારા ભારતીય રેલ્વેના સહયોગથી વિકસાવવામાં આવી રહી છે. અધિકારીઓએ અહેવાલમાં જણાવ્યું હતું કે હાઇ-સ્પીડ ટ્રેનનો પ્રોટોટાઇપ હાલમાં વિકાસ હેઠળ છે અને તે ૨૮૦ કિમી/કલાકની ઝડપે ગતિ કરી શકશે. જોકે, સલામતી અને કાર્યક્ષમતાના વિચારણાઓને કારણે તેની કાર્યકારી ગતિ થોડી ઓછી થવાની સંભાવના છે.

આ સ્વદેશી બુલેટ ટ્રેન ભવિષ્યના હાઇ-સ્પીડ કોરિડોર પર તૈનાત થવાની અપેક્ષા છે, જેમાં હાલમાં આયોજન તબક્કામાં રહેલા રૂટનો પણ સમાવેશ થાય છે. ઝઘઈ ના અહેવાલ મુજબ, જ્યારે ભારત પહેલાથી જ જાપાની શિંકનસેન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે, ત્યારે આ સ્વદેશી પહેલનો હેતુ સ્થાનિક કુશળતા વિકસાવવા અને લાંબા ગાળે વિદેશી સિસ્ટમો પર નિર્ભરતા ઘટાડવાનો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટ્રેનમાં આધુનિક સુવિધાઓ, મુસાફરોની સુવિધામાં સુધારો અને અદ્યતન સલામતી પ્રણાલીઓ હશે. તેને ભારતની આબોહવા અને સંચાલન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને પણ ડિઝાઇન કરવામાં આવી રહી છે, જે તેને આયાતી વિકલ્પો કરતાં વધુ અનુકૂલનશીલ બનાવે છે.



આ વિકાસ ભારતના રેલ્વે માળખાને મજબૂત બનાવવા અને નસ્ત્રમેક ઇન ઇન્ડિયાસ્ત્રસ્ત્ર પહેલને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. ઝઘઈ ના અહેવાલ મુજબ, નિષ્ણાતો માને છે કે સ્વદેશી હાઇ-સ્પીડ ટ્રેન બનાવવાથી સમય જતાં ખર્ચમાં ઘટાડો થશે જ નહીં પરંતુ નિકાસ અને તકનીકી પ્રગતિ માટે નવી તકો પણ ખુલશે. પ્રોટોટાઇપ પર કામ સ્થિર ગતિએ ચાલી રહ્યું છે, જેમાં ઇજનેરો ખાસ કરીને ડિઝાઇન, એરોડાયનેમિક્સ અને સલામતી ધોરણોનું પાલન પર ધ્યાન કેન્દ્રિત કરશે. એકવાર પૂર્ણ થયા પછી, ટ્રેનને વ્યાપારી કામગીરીમાં મૂકતા પહેલા સખત પરીક્ષણમાંથી પસાર કરવામાં આવશે. ભારતની પ્રથમ સંપૂર્ણપણે સ્વદેશી રીતે બનેલી બુલેટ ટ્રેન એપ્રિલ ૨૦૨૭ સુધીમાં શરૂ થવાની તૈયારીમાં છે. આ ટ્રેનને ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પહોંચવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે નસ્ત્રઆત્મનિર્ભર ભારતસ્ત્રસ્ત્ર અભિયાન હેઠળ એક મોટી સિદ્ધિ છે. ચાલુ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાથે, આ સ્વદેશી ટ્રેનો ભારતીય રેલ્વેના ભવિષ્યને આકાર આપશે.

## બાઇક અને સ્કૂટર અડી જવાની નજીવી બાબતે તકરાર હત્યા સુધી પહોચી

# માથામાં પાઇપના ઘા ઝીંકી વૃદ્ધની હત્યા

## જમાલપુરમાં તાનગરવાડની ઘટનાઃ ગાયકવાડ હવેલી પોલીસે એકને દોબોચ્યો

રાજકોટ, તા.૨૬

શહેરના જમાલપુરમાં આવેલી તાનગર વાડમાં એક પરિવારના ત્રણ સભ્યોએ સામાન્ય તકરારની અદાવત રાખીને મારામારી કરીને ૭૫ વર્ષના વૃદ્ધને માથામાં પાઇપના ઘા મારીને ગંભીર ઇજાઓ પહોંચાડીને હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે ગુનો નોંધીને એક આરોપીની ધરપકડ કરી છે.

આ બનાવની વિગતો એવી છે કે જમાલપુરમાં આવેલી મોટી પોળ તાનગર વાડમાં રહેતા જરગુલખાન પઠાણે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમના ઘર પાસે રહેતા સલીમખાન પઠાણના બાઇક સાથે તેમના સ્કૂટર અથડાવાના મામલે તકરાર થઇ હતી. આ સમયે સલીમખાને ધમકી આપી હતી. જો કે શનિવારે સાંજે જરગુલખાનના પિતા મહેબુબખાન પઠાણ નમાઝ પઢી પરત આવી રહ્યા હતા ત્યારે સલીમખાન પઠાણ, તેના પિતા ઇકબાલખાન અને ઇકબાલખાનની પત્ની હનીફાએ મહેબુબખાન પઠાણને રોક્યા હતા અને મારામારી કરી હતી. આ સમયે જરગુલખાન તેમના પિતાને બચાવવા માટે ગયા હતા.




એક જ પરિવારના ત્રણ સભ્યોએ વૃદ્ધની માથામાં પાઇપના ફટકા મારી હત્યા કરી ૨ - શળફલયપરંતુ, સલીમખાને મહેબુબખાનને માથામાં પાઇપ મારતા તે નીચે પટકાયા હતા અને જરગુલખાનને પણ માર માર્યો હતો. આ દરમિયાન ત્રણેય જણા ધમકી આપીને નાસી ગયા હતા. બીજી તરફ મહેબુબખાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે હત્યાનો ગુનો નોંધીને સલીમખાનની ધરપકડ કરીને અન્ય બે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. પોલીસ અધિકારીઓનું કહેવુ છે કે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે કોઇ અન્ય બાબતને લઇને તકરાર ચાલતી હતી. જે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

# દુનિયામાં પેટ્રોલની ભીષણ કટોકટી




**ભારત મજા કરી રહ્યું છે સરકારે તેલની સંપૂર્ણ વ્યવસ્થા કરી સુસજ્જ**

રાજકોટ, તા. ૨૬

વૈશ્વિક ઉથલપાથલ અને ગલ્ફ દેશો સાથેના તીવ્ર તણાવ વચ્ચે, ભારતે ફરી એકવાર તેની ઉત્તમ રાજદ્વારી અને દૂરંદેશીતા દર્શાવી છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર થયેલા હુમલા પછી, એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ક્રૂડ ઓઇલ સપ્લાય લગભગ બંધ થઈ ગયો છે. વિશ્વભરના ઘણા દેશો અને આપણા પડોશીઓ પેટ્રોલ અને ડીઝલની અછતનો સામનો કરી રહ્યા છે. જોકે, ભારતીય પેટ્રોલ પંપો પર કોઈ મૌન નથી. વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ ખરીદનાર ભારતે કટોકટી આવે તે પહેલાં જ એક ફૂલપ્રૂફ વ્યૂહરચના બનાવી હતી, જેનાથી દેશને મોટી ઉર્જા કટોકટીમાંથી બચાવી લેવામાં આવ્યો હતો. ચાલો વિગતવાર સમજીએ કે ભારતે આ મુશ્કેલ સમયને કેવી રીતે તાકાતમાં ફેરવ્યો છે. ગલ્ફ દેશોમાંથી તેલ પુરવઠા પર કટોકટીના વાદળો છવાઈ જતાં, ભારતે તરત જ તેની વ્યૂહરચના બદલી અને રશિયા તરફ વળ્યું. ડેટા ટ્રેકિંગ ફર્મ કેપ્લરના જણાવ્યા અનુસાર, ભારતની સ્માર્ટ ખરીદીના પરિણામે માર્ચમાં રશિયાથી આશરે ૧.૯૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ (બામ) ક્રૂડ ઓઇલની આયાત થઈ. આ આંકડો પાછલા બે મહિના કરતા બમણો છે. આ ભારત માટે એક મોટી રાજદ્વારી જીત માનવામાં આવી રહી છે. કડક યુએસ પ્રતિબંધો છતાં, ભારતે માત્ર પોતાના હિતોને પ્રાથમિકતા આપી નહીં, પરંતુ માર્ચમાં સમુદ્રમાં રશિયન તેલ પર યુએસ વહીવટીતંત્ર તરફથી ખાસ છૂટ પણ મેળવી. યુક્રેનના વિરોધ પછી પણ આ છૂટ યથાવત રહી. આ માસ્ટરસ્ટ્રોકથી ભારત એપ્રિલ ડિલિવરી માટે વધારાના ૬૦ મિલિયન બેરલ તેલ માટે સોદો સુરક્ષિત કરી શક્યું.

ભારતીય તેલ કંપનીઓ ફક્ત એક વિકલ્પ પર આધાર રાખતી ન હતી. કટોકટી વધુ ઘેરી બને તે પહેલાં જ, તેઓએ દૂરંદેશી દર્શાવી અને આફ્રિકન અને લેટિન અમેરિકન દેશો સાથે જોડાણ કર્યું. પરિણામે, માર્ચમાં અંગોલાથી તેલની આયાત ત્રણ ગણી વધીને ૩૨૭,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ. વધુમાં, ભારતે ઈરાન અને વેનેઝુએલા જેવા લાંબા સમયથી સપ્લાયર્સ સાથે ઉત્તમ સંકલન ફરીથી સ્થાપિત કર્યું છે, જેમણે વર્ષોથી યુએસ પ્રતિબંધોનો સામનો કર્યો છે. એપ્રિલના મધ્ય સુધીમાં, ઈરાનથી ૨૭૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસ તેલ અને વેનેઝુએલાથી ૧૩૭,૦૦૦ બેરલ પ્રતિ દિવસ ભારતીય બંદરો પર આવવાનું શરૂ થયું. સરકારી રિફાઇનરીના એક અધિકારીએ સ્વીકાર્યું કે નાઇજીરીયા અને અંગોલાથી આ અગાઉથી આયોજન જીવન બચાવનાર સાબિત થઈ રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં સસ્તા તેલનો યુગ સમાપ્ત થઈ ગયો હોય અને બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ આસમાને પહોંચી રહ્યા હોય, પરંતુ ભારત સરકારે તેના લોકો પર સીધો બોજ નાખવાનું ટાળ્યું છે. કેટલાક બજાર વિશ્લેષકોએ ચેતવણી આપી છે કે આંતરરાષ્ટ્રીય દબાણને કારણે, ભવિષ્યમાં ભાવમાં પ્રતિ લિટર ૨૮ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે. જોકે, સરકારનો ટ્રેક રેકોર્ડ અને તેનું મજબૂત વલણ સામાન્ય માણસને ભારે રાહત આપે છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં છેલ્લા ચાર વર્ષમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો નથી. વૈશ્વિક બજારમાં ઉથલપાથલ છતાં, સરકાર અને તેલ કંપનીઓએ એક્સાઇઝ ડ્યુટી ઘટાડીને સામાન્ય ભારતીયોને ફુગાવાના પ્રભાવથી સંપૂર્ણપણે સુરક્ષિત રાખ્યા છે.



# વ્હાઈટ હાઉસમાં ગોળીબાર અંગે વિશ્વની પ્રતિક્રિયા

## યુએસના રાજકારણીઓ, વિશ્વના નેતાઓએ આ હુમલાની નિંદા કરી છે અને ટ્રમ્પ સુરક્ષિત છે તે અંગે રાહત વ્યક્ત કરી છે



નવી દિલ્હી, તા.૨૬

યુનાઈટેડ સ્ટેટ્સ વોશિંગ્ટન, ડીસીમાં વ્હાઈટ હાઉસના રાત્રિભોજનમાં ગોળીબારની ઘટનાનો અભ્યાસ કરી રહ્યું છે, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઘટનાસ્થળેથી ઝડપથી દૂર કરવામાં આવ્યા હતા. શનિવારે રાત્રે વાર્ષિક મીડિયા ગાલા માટે બોલરૂમની બહાર એક બંદૂકધારીએ ગોળીબાર કર્યો હતો. આ કથિત હુમલાખોરે અધિકારીઓને કહ્યું હતું કે તે ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓને નિશાન બનાવી રહ્યો છે.

અમેરિકા અને વિશ્વભરના નેતાઓ આ સમાચાર પર કેવી પ્રતિક્રિયા આપી છેઃ

**યુનાઈટેડ સ્ટેટ્સઃ–** રાજકીય ક્ષેત્રના નેતાઓએ આ કાર્યક્રમમાં થયેલા હુમલાની નિંદા કરી હતી, જેમાં ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને અન્ય ઘણા વરિષ્ઠ સરકારી અધિકારીઓ, સેંકડો પત્રકારો અને સેલિબ્રિટીઓ પણ હાજર રહ્યા હતા. હાઉસ સ્પીકર માઈક જોહ્નસન, જેમણે તેમની પત્ની કેલી સાથે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, તેમણે કહ્યું કે બંને આજે રાત્રે આપણા દેશ માટે પ્રાર્થના કરી રહ્યા હતા.

ન્યુ યોર્કના હાઉસ ડેમોક્રેટિક નેતા હકીમ જેફ્રીસે કહ્યું કેઃ અમેરિકામાં હિંસા અને અરાજકતાનો અંત આવવો જ જોઈએ. વોશિંગ્ટન, ડીસીના મેયર, મુરિયલ બોઝરે કહ્યું કે તેઓ કાયદા અમલીકરણના સભ્યોના આભારી છે જેમણે પોતાનું કામ કર્યું ... અને ખાતરી કરી કે બધા મહેમાનો સુરક્ષિત છે. તેમણે કહ્યું કે બંદૂકધારી સિવાય કોઈ પણ આ હુમલામાં સામેલ છે તેવું માનવા માટે કોઈ તાત્કાલિક કારણ નથી.

સીબીએસ ન્યૂઝમાં વ્હાઈટ હાઉસના વરિષ્ઠ સંવાદદાતા અને વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશનના પ્રમુખ વેઈજિયા જિયાંગ, જેઓ આ ઘટના બની ત્યારે ટ્રમ્પની બાજુમાં બેઠેલા હતા, તેમણે પત્રકારત્વની જાહેર સેવાની ભૂમિકા પર ભાર મૂકતા કહ્યું કે, જ્યારે કટોકટી હોય છે, ત્યારે આપણે કટોકટી તરફ દોડીએ છીએ, તેનાથી દૂર નહીં. ભગવાનનો આભાર કે બધા સુરક્ષિત છે, અને આજે રાત્રે સાથે આવવા બદલ આભાર. અમે આ ફરીથી કરીશું.

**યુનાઈટેડ કિંગડમઃ–** યુનાઈટેડ કિંગડમમાં બ્રિટનના રાજદૂત, ક્રિશ્ચિયન ટર્નરે જણાવ્યું હતું કે કેટલાક બ્રિટિશ દૂતાવાસના અધિકારીઓ કાર્યક્રમમાં હતા અને ''યુએસ સિક્રેટ સર્વિસના ઝડપી અને વ્યાવસાયિક પ્રતિભાવ'' માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. અમે આભારી છીએ કે રાષ્ટ્રપતિ અને હાજર રહેલા બધા લોકો સુરક્ષિત હતા અને અમારી શુભેચ્છાઓ ઘાયલ અધિકારી સાથે છે. પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે કહ્યું કે તેઓ કાર્યક્રમમાં હિંસાના ''દ્રશ્યોથી આઘાત પામ્યા'' હતા અને હુમલાની નિંદા કરી હતી. લોકશાહી સંસ્થાઓ અથવા પ્રેસની સ્વતંત્રતા પરના કોઈપણ હુમલાની શક્ય તેટલી કડક શબ્દોમાં નિંદા કરવી જોઈએ.

**ઓસ્ટ્રેલિયાઃ–** વડાપ્રધાન એન્ટની અલ્બેનીઝે યુએસ સિક્રેટ સર્વિસ અને અન્ય કાયદા અમલીકરણ અધિકારીઓને ''તેમના ઝડપી પગલાં'' બદલ બિરદાવતા કહ્યું કે, મને એ સાંભળીને આનંદ થયો કે રાષ્ટ્રપતિ અને પ્રથમ મહિલા, વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનરમાં હાજર તમામ લોકો સલામત છે.

**કેનેડાઃ–** વડાપ્રધાન માર્ક કાર્નેએ કહ્યું કે તેમને ''રાહત મળી છે કે રાષ્ટ્રપતિ, પ્રથમ મહિલા અને બધા મહેમાનો સુરક્ષિત છે. કોઈપણ લોકશાહીમાં રાજકીય હિંસાનું કોઈ સ્થાન નથી, અને મારા વિચારો તે બધા લોકો સાથે છે જેઓ આ ઘટનાથી હચમચી ગયા છે.

**યુરોપિયન યુનિયનઃ–** યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને ઉપસ્થિતોની સલામતી માટે રાહત વ્યક્ત કરી અને પોલીસ અને પ્રતિભાવ આપનારાઓનો તેમના ''ઝડપી કાર્યવાહી'' માટે આભાર માન્યો અને કહ્યું કે, રાજકારણમાં હિંસાનું ક્યારેય કોઈ સ્થાન નથી. ઊઅ ના વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે પણ આ પ્રકારની નિંદા કરતું નિવેદન જારી કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે ''લોકશાહીમાં રાજકીય હિંસાને કોઈ સ્થાન નથી. મુક્ત પ્રેસનું સન્માન કરવા માટે બનાવાયેલ ઘટના ક્યારેય ભયનું સ્થળ ન બનવી જોઈએ.

**સ્પેનઃ–** પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝએ કહ્યું કે ''અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ. હિંસા ક્યારેય રસ્તો નથી. માનવતા ફક્ત લોકશાહી, સહઅસ્તિત્વ અને શાંતિ દ્વારા જ આગળ વધશે.

**મેક્સિકોઃ–** રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે રાહત વ્યક્ત કરી કે ટ્રમ્પ અને તેમની પત્ની સુરક્ષિત છે.

**ઈઝરાયલઃ–** અધિકારીઓએ યુએસના નેતાઓ સાથે એકતા વ્યક્ત કરી અને હુમલાની નિંદા કરી. વિદેશ પ્રધાન ગિડીઓન સા'આરે કહ્યુંઃ ''ઈઝરાયલ યુનાઈટેડ સ્ટેટ્સ અને ટ્રમ્પ સાથે ખભા મિલાવીને ઉભું છે. તેઓ ''શક્ય તેટલી સખત શબ્દોમાં ગોળીબારની ઘટનાની'' નિંદા કરે છે. પ્રધાન આઈઝેક હર્ઝોગે પણ રાહત વ્યક્ત કરી કે હુમલા દરમિયાન ગોળી મારનાર યુએસ કાયદા અમલીકરણ અધિકારી સુરક્ષિત છે અને પુનઃપ્રાપ્તિના માર્ગ પર છે. પવિત્ર ભૂમિ પરથી, અમે આ ઘૃણાસ્પદ હુમલા પછી યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને તેના નેતાઓની સલામતી અને સુરક્ષા માટે પ્રાર્થના કરીએ છીએ. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે તેઓ અને તેમની પત્ની રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસથી આઘાત પામ્યા છે અને રાહત અનુભવી છે કે તેઓ સલામત છે.

**પાકિસ્તાનઃ–** યુદ્ધ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે મુખ્ય મધ્યસ્થી પાકિસ્તાની નેતાઓએ નિંદાના કડક નિવેદનો જારી કર્યા છે. વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું કે તેઓ આ ગોળીબારની ઘટનાથી ખૂબ જ આઘાત પામ્યા છે અને ઉપસ્થિતો સુરક્ષિત છે તે વાતથી રાહત અનુભવી છે. તેમણે કહ્યું કે તેમના ''વિચારો અને પ્રાર્થનાઓ'' ટ્રમ્પ સાથે છે, અને હું તેમની સતત સલામતી અને સુખાકારીની ઈચ્છા રાખું છું.'' નાયબ વડા પ્રધાન ઈશાક દારે પણ રાહત વ્યક્ત કરી કે ટ્રમ્પ, તેમની પત્ની મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે. અમે તમામ પ્રકારની હિંસાની સખત નિંદા કરીએ છીએ, જે રાજદ્વારીનો દુશ્મન છે અને કોઈપણ સભ્ય સમાજમાં અસહ્ય છે. અમારી શુભેચ્છાઓ રાષ્ટ્રપતિ અને અમેરિકન લોકો માટે છે.

**લેબનોનઃ–** લેબનોનના રાષ્ટ્રપતિએ એક નિવેદન બહાર પાડ્યું, જેમાં કહેવામાં આવ્યું કે રાષ્ટ્રપતિ જોસેફ આઉને ટ્રમ્પને એક ટેલિગ્રામ મોકલીને સુરક્ષા અને સ્થિરતાને લક્ષ્ય બનાવતી દુઃખદ ઘટનાઓ બાદ એકતા વ્યક્ત કરી હતી. આ સંદેશમાં તમામ સ્વરૂપોમાં હિંસાના કૃત્યોની સખત નિંદા વ્યક્ત કરવામાં આવી હતી અને અમેરિકા માટે સુરક્ષા અને સલામતીની કામના કરવામાં આવી હતી.

**ભારતઃ–** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાહત વ્યક્ત કરી કે ટ્રમ્પ, તેમની પત્ની અને ઉપરાષ્ટ્રપતિ સુરક્ષિત છે. હું તેમની સતત સલામતી અને સુખાકારી માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું. લોકશાહીમાં હિંસાનું કોઈ સ્થાન નથી અને તેની સ્પષ્ટપણે નિંદા થવી જોઈએ.

# ભાજપનું સ્ટીમ રોલર ફરી વળતા મમતાના ગઢમાં ગાબડાં ?

**૨૯૪ બેઠકોમાંથી ભાજપ ૧૭૦થી વધુ બેઠકો સાથે પૂર્ણ બહુમતી તરફ, ડાબેરીઓના સૂપડા સાફ થવાની સંભાવના**



મુંબઈ, તા.૨૬

પશ્ચિમ બંગાળની રાજનીતિમાં અત્યારે હલચલ મચી ગઈ છે. વર્ષો સુધી ડાબેરીઓનો અને ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસનો અભેદ્ય કિલ્લો ગણાતા બંગાળમાં આ વખતે કેસરીયો લહેરાય તેવા મજબૂત સંકેતો મળી રહ્યા છે. એક જાણીતા રાજકીય વિશ્લેષકના તાજેતરના અવલોકને બંગાળથી લઈને દિલ્હી સુધીના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. આ અનુમાન મુજબ, બંગાળમાં આ વખતે 'દીદી'ના શાસનનો અંત આવી શકે છે અને ભાજપ ઐતિહાસિક વિજય મેળવી શકે છે.

વિશ્લેષણ મુજબ, કુલ ૨૯૪ બેઠકો વાળી વિધાનસભામાં સત્તાનું પલ્લું સ્પષ્ટપણે ભાજપ તરફ નમેલું દેખાય છે. ભાજપ (ઈઉંડ): ૧૭૦ થી વધુ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવશે તેવી શક્યતા છે. હિન્દુત્વ અને વિકાસના એજન્ડા સાથે ભાજપે બંગાળના ગ્રામીણ અને સરહદી વિસ્તારોમાં મજબૂત પકડ બનાવી છે. ઝખઈ (તૃણમૂલ કોંગ્રેસ)ના મમતા બેનર્જીના નેતૃત્વમાં ઝખઈ ૧૨૦ બેઠકોની આસપાસ સમેટાઈ શકે છે. સત્તા વિરોધી લહેર અને ભ્રષ્ટાચારના આરોપો દીદીને નડી શકે તેવા અનુમાનો મજબુત બની રહ્યા છે. કોંગ્રેસ અને મુસ્લિમ પક્ષો વિષે જોઈએ તો અન્ય પક્ષો માટે બંગાળમાં હવે કોઈ ખાસ જગ્યા બચી નથી. કોંગ્રેસ માંડ ૧૦ બેઠકો સુધી પહોંચે તેવી ધારણા છે, જ્યારે મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા પક્ષોને પણ ૧૦ થી ઓછી બેઠકો મળવાનો અંદાજ છે. બંગાળમાં સામ્યવાદીઓએ (ઈઙ્ઈ-ખ) સળંગ ૧૫ વર્ષથી વધુ સમય સુધી એકહથ્થુ શાસન કર્યું હતું, ત્યાં હવે તેમનું અસ્તિત્વ જોખમમાં છે. વિશ્લેષકના મતે આ વખતે ડાબેરીઓને '૦' (ઝીરો) બેઠકો મળી શકે છે. આ એક યુગનો અંત સૂચવે છે, જ્યાં લાલ કિલ્લો હવે પૂરેપૂરો ભગવો થઈ રહ્યો હોય તેવું લાગતું હોવાનું રાજકીય આગાહીકારોનું માનવું છે

બંગાળમાં ભાજપે જે રીતે આક્રમક પ્રચાર કર્યો છે અને કેન્દ્રીય નેતાગીરીએ જે તાકાત લગાવી છે, તેને વિશ્લેષકો 'સ્ટીમ રોલર' તરીકે ઓળખાવી રહ્યા છે. ભ્રષ્ટાચાર, મહિલા સુરક્ષાના મુદ્દા અને ઘૂસણખોરી સામેના કડક વલણે બંગાળના મધ્યમ વર્ગ અને યુવા મતદારોને ભાજપ તરફ વાળ્યા છે. બંગાળમાં મુસ્લિમ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જોકે, આ વખતે વિશ્લેષણ કહે છે કે મુસ્લિમ મતોમાં પણ વિભાજન થતા તેનો સીધો ફાયદો ભાજપને મળી રહ્યો છે. કોંગ્રેસ અને અન્ય નાના પક્ષો જે રીતે લડી રહ્યા છે, તે ઝખઈની વોટબેંકમાં ગાબડાં પાડી રહ્યા છે.

બંગાળમાં પરિવર્તનની લહેર નહીં પણ 'સુનામી' છે. લોકો હવે પરંપરાગત વોટબેંક પોલિટિક્સથી કંટાળીને સબળ વિકલ્પ શોધી રહ્યા છે. ભાજપની ૧૭૦થી વધુ બેઠકોની આગાહી જો સાચી ઠરે, તો તે ભારતના રાજકીય નકશા પર સૌથી મોટી ઉથલપાથલ ગણાશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનતા હોવાનું મુંબઈના નાથાભાઈ કાલરીયાએ ટેલીફોનીક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું.

# થાઈલેન્ડ ટૂરના નામે લાખોની છેતરપિંડી

## ટ્રાવેલ એજન્ટો પેકેજની લાલચ આપી સાડા નવ લાખ ઉઘરાવી ઓફિસને તાળા મારી ફરાર થઈ ગયા

રાજકોટ,તા.૨૭

ફરી એકવાર વિદેશ પ્રવાસના શોખીનો ઠગાઈનો ભોગ બન્યા છે.

અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી એક ટ્રાવેલ એજન્સીએ સસ્તામાં થાઈલેન્ડ પ્રવાસની લાલચ આપી અનેક લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધા છે. એજન્સીના માલિકો પ્રવાસના થોડા દિવસો પહેલા જ ઓફિસને તાળા મારીને રફુચક્કર થઈ જતાં મુસાફરોમાં ફાળ પડી છે. આ મામલે સેટેલાઇટ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિગતો જોઈએ તો અમદાવાદઃ વિદેશ પ્રવાસના શોખીનો માટે લાલબત્તી સમાન કિસ્સો અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાંથી સામે આવ્યો છે. સસ્તામાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરાવવાની લાલચ આપીને 'કે. સી. હોલિડેઝ' નામની ટ્રાવેલ એજન્સીએ અનેક લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરી છે. એજન્સીના સંચાલકો વિઝા, ફ્લાઇટ ટિકિટ અને હોટલ બુકિંગના નામે કુલ ૯.૭૧ લાખ રૂપિયા ઉઘરાવીને રાતોરાત ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે ચાર મહિના બાદ સેટેલાઇટ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘટનાની વિગત મુજબ, શાહીબાગ વિસ્તારમાં રહેતા વેપારી રોહિતભાઈએ ઓગસ્ટ ૨૦૨૫માં સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમથી આંતરરાષ્ટ્રીય પ્રવાસની જાહેરાત જોઈ હતી.

જેના આધારે તેમણે શિવરંજની-સેટેલાઇટ પાસે આવેલી 'કે.સી. હોલિડેઝ' પેઢીનો સંપર્ક સાધ્યો હતો. એજન્સી દ્વારા તેમને ફુકેટ, ક્રાબી અને બેંગકોકની આઠ દિવસ અને સાત રાતની શાનદાર ટ્રિપ માટે પ્રતિ વ્યક્તિ માત્ર ૭૫,૦૦૦ રૂપિયાનું પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું. આ સસ્તા પેકેજમાં જમવા, રહેવા અને વિઝા સહિતની તમામ સુવિધાઓનો વાયદો કરવામાં આવતા રોહિતભાઈએ પોતાના પરિવારના ત્રણ સભ્યો માટે કુલ ૨.૧૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા, જેમાં રોકડ અને બેન્ક ટ્રાન્સફર બંનેનો સમાવેશ થતો હતો.

જોકે, આ છેતરપિંડીનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે પ્રવાસની તારીખ નજીક આવી. ૧૪ ડિસેમ્બરના રોજ પ્રસ્થાન કરવાનું હતું, પરંતુ તેના ૧૦ દિવસ પહેલા જ જ્યારે ફરિયાદીએ એજન્સીની ઓફિસે મુલાકાત લીધી તો ત્યાં તાળા લટકેલા જોવા મળ્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું કે સંચાલકો ફોન બંધ કરીને રફુચક્કર થઈ ગયા છે. આ દરમિયાન અન્ય ભોગ બનનારા લોકો પણ સામે આવ્યા હતા, જેમાં રવિભાઈ વચેટા પાસેથી ૩.૨૦ લાખ, કુણાલભાઈ પાસેથી ૨.૪૦ લાખ અને નરેશભાઈ પાસેથી ૨ લાખ રૂપિયા એજન્સીએ પડાવ્યા હોવાનું ખુલ્યું હતું. આ તમામને થાઈલેન્ડ મોકલવાના બહાને નાણાં ખંખેરી કોઈ પણ પ્રકારનું બુકિંગ કરવામાં આવ્યું નહોતું.

હાલમાં સેટેલાઇટ પોલીસે રોહિતભાઈની ફરિયાદના આધારે એજન્સીના માલિક કિરણ ચંદ્રકાંત ચૌહાણ, પારુલબેન ચૌહાણ અને કર્મચારી વિવેક સામે ગુનાહિત કાવતરું ઘડી છેતરપિંડી આચરવાનો ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીઓએ અનેક લોકો પાસેથી રોકડમાં પણ મોટી રકમ સ્વીકારી છે, જેથી તપાસ દરમિયાન છેતરપિંડીનો આ આંકડો હજુ પણ ઊંચો જાય તેવી પૂરેપૂરી શક્યતા છે. પોલીસ હાલ આરોપીઓના રહેણાંક સ્થળો અને અન્ય કડીઓ મેળવી તેમને ઝડપી પાડવા માટે પ્રયત્નો કરી રહી છે.


# 'ફનબ્લાસ્ટ' ગેમઝોન ભડભડ સળગ્યું, જાનહાની ટળી

## રવિવારના આનંદનો માહોલ ફરી એક વાર ગંભીર દુર્ઘટનામાં ફેરવાતા બચી ગયાનો સૌને હાંશકારો













રાજકોટ, તા. ૨૬

રવિવારની રજામાં વેકેશન માણવા આવેલા સેંકડો બાળકો અને પરિવારોનો આબાદ બચાવ; ધુમાડાના ગોટેગોટાથી આકાશ કાળું ડિબંગ

રાજકોટ, રવિવારરાજકોટના સૌથી પોશ ગણાતા કાલાવડ રોડ પર આજે રવિવારની સાંજે મનોરંજનનો આનંદ શોકમાં ફેરવાતા રહી ગયો હતો. અહીં આવેલા પ્રખ્યાત 'ફનબ્લાસ્ટ' ગેમઝોનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા રજા માણવા આવેલા સેંકડો પરિવારોમાં નાસભાગ મચી ગઈ હતી. વેકેશનનો સમય હોવાથી ગેમઝોનમાં બાળકોની ભારે ભીડ હતી, પરંતુ સદનસીબે સમયસર ફાયર સેફ્ટીના સાધનો અને લોકોની સતર્કતાને કારણે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

પ્રાપ્ત વિગતો મુજબ નજરે જોનારાઓનું કહેવું છે કે, મિનિટોમાં આખું સ્ટ્રક્ચર આગની ઝપેટમાં આવી જતા નાસભાગ મચી હતી. સાંજના સમયે જ્યારે ગેમઝોન ધમધમી રહ્યો હતો ત્યારે અચાનક એક ખૂણેથી ધુમાડો નીકળવાનું શરૂ થયું હતું. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. અંદર રહેલા ગેમિંગ મશીનો, પ્લાસ્ટિકના રમકડાં અને ઈન્સ્યુલેશન મટીરિયલને કારણે આગ ઝડપથી પ્રસરી હતી. લોકો પોતાના માસૂમ બાળકોને તેડીને બહાર તરફ દોડ્યા હતા. ફાયર બ્રિગેડની ૫થી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

ઝછઙ ગેમઝોન અગ્નિકાંડની ભયાનકતા તાજી થઈ હોય તેવો અહેસાસ ઉપસ્થિત લોકોએ કર્યો હતો. રાજકોટમાં ગેમઝોનમાં આગની વાત સાંભળતા જ લોકોના કાળજા કંપી ઉઠે છે. ૨૫ મે, ૨૦૨૪ના રોજ રાજકોટના ઝછઙ ગેમઝોનમાં લાગેલી ભીષણ આગમાં ૨૭થી વધુ નિર્દોષ લોકો (જેમાં અનેક બાળકો હતા) જીવતા ભુંજાઈ ગયા હતા. તે ઘટના બાદ રાજ્યભરમાં ગેમઝોન માટે કડક નિયમો બનાવવામાં આવ્યા હતા. આજની ઘટનાએ ફરી એકવાર તંત્રની કામગીરી અને ગેમઝોન સંચાલકોની સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઉભા કર્યા છે. શોર્ટ સર્કિટ કે લાપરવાહી? તેવા સવાલો વચ્ચે તપાસનો ધમધમાટ શરુ થઇ ગયો છે. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, ગેમઝોન પાસે જરૂરી ફાયર એનઓસી હતું કે નહીં અને સેફ્ટી સિસ્ટમ કાર્યરત હતી કે નહીં તે અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. મનપાના ડેપ્યુટી મ્યુનીસીપલ કમીશ્નર ચેતન નંદાણીએ જણાવ્યું હતું કે, આગને બુઝાવી દેવાઈ છે અને સદનશીબે કોઈ જાનહાની થઇ નથી. આગનું ચોક્કસ કારણ જાણવા તપાસ આદરાઈ છે.

કાલાવડ રોડ જેવા ગીચ અને વીઆઈપી વિસ્તારમાં આ રીતે ગેમઝોનમાં આગ લાગવાની ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, વેકેશનમાં નફાખોરી માટે સુરક્ષાના ધોરણો સાથે ચેડાં કરવામાં આવે છે જે જીવલેણ સાબિત થઈ શકે છે.

### પ્રજામાં ઉદભવેલા સળગતા સવાલો

શું ફનબ્લાસ્ટ ગેમઝોન પાસે માન્ય ફાયર સેફ્ટી સર્ટિફિકેટ હતું? ઝછઙ અગ્નિકાંડ બાદ જે નિયમો બન્યા, તેનું પાલન અહીં થતું હતું? ભીડભાડવાળા દિવસોમાં ઈમરજન્સી એક્ઝિટની વ્યવસ્થા પૂરતી હતી? વારંવાર ગેમઝોનમાં જ કેમ આગની ઘટનાઓ બને છે? આજની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી તે માત્ર ઈશ્વરીય કૃપા કહી શકાય, પરંતુ રાજકોટવાસીઓ માટે આ એક મોટો ચેતવણીરૂપ કિસ્સો છે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે, તો ભૂતકાળની કાળઝાળ યાદો ફરી તાજી થતા વાર નહીં લાગે તેવું બુદ્ધિજીવીઓનું માનવું છે.

માનવતા પણ શરમાઈઃ પોલીસે ગુનો નોંધી કરી કાર્યવાહી

# શારીરિક અસક્ષમ યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ

## યુવકે આચર્યું દુષ્કર્મ, યુવતી ગર્ભવતી બનતા નરાધમની ધરપકડ



રાજકોટ,તા.૨૬

માનવતાને લાંછન લગાડતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક નરાધમે શારીરિક રીતે અસક્ષમ યુવતીની મજબૂરીનો ફાયદો ઉઠાવ્યો છે. પરિણીત હોવા છતાં લંપટ યુવકે ૨૧ વર્ષીય દિવ્યાંગ યુવતીને પ્રેમની ખોટી જાળમાં ફસાવી તેની અસક્ષમતાનો ગેરલાભ ઉઠાવી દુષ્કર્મ આચર્યું હતું. આ પાપનો ઘડો ત્યારે ફૂટ્યો જ્યારે યુવતી ગર્ભવતી બની ગઈ અને પરિવારે તેની પૂછપરછ કરી. હાલ આંકલાવ પોલીસે નરાધમ અજય પઢિયારની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

વિગતો જોઈએ તો આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ગ્રામ્ય પંથકમાંથી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. એક પરિણીત યુવકે શારીરિક રીતે અસક્ષમ એકવીસ વર્ષીય યુવતીની લાચારીનો ગેરલાભ ઉઠાવી, તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હોવાની વિગતો બહાર આવી છે. આ દુષ્કૃત્યને કારણે યુવતી ગર્ભવતી બની જતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ, આંકલાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતો આરોપી અજય પઢિયાર પોતે પરિણીત હોવા છતાં તેની દાનત પડોશમાં રહેતી ૨૧ વર્ષીય શારીરિક અસક્ષમ યુવતી પર બગડી હતી. આરોપીએ યુવતી સાથે મીઠી મીઠી વાતો કરી તેને વિશ્વાસમાં લીધી હતી અને પ્રેમજાળમાં ફસાવી હતી. આશરે સાડા ચાર મહિના પહેલાં જ્યારે યુવતી એકલી હતી, ત્યારે આરોપીએ એકાંતનો લાભ ઉઠાવી તેની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યો હતો.

આ ઘટના બાદ યુવતી ગર્ભવતી બની ગઈ હતી. થોડા સમય પછી યુવતીના શરીરમાં જોવા મળતા ફેરફારોને કારણે પરિવારજનોને શંકા ગઈ હતી. જ્યારે માતા-પિતાએ પુત્રીને વિશ્વાસમાં લઈને સઘન પૂછપરછ કરી, ત્યારે તેણે રડતા રડતા પોતાની સાથે થયેલા અત્યાચારની આપવીતી વર્ણવી હતી અને અજય પઢિયારનું નામ આપ્યું હતું. દીકરી સાથે થયેલા આ અન્યાયને જાણીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

આ ગંભીર મામલે યુવતીના પરિવારજનોએ તાત્કાલિક આંકલાવ પોલીસ મથકનો સંપર્ક કરી આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવની ગંભીરતા સમજીને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી અને નરાધમ અજય પઢિયારની ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરી તેના રિમાન્ડ મેળવવાની અને કાયદેસરની કડક કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. શારીરિક અસક્ષમ યુવતી પર થયેલા આ અત્યાચારને પગલે સમગ્ર પંથકમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે.

લેભાગુ એજન્ટોએ ૩૩ યુવાનો સાથે કરી છેતરપિંડી; એક આરોપીની ધરપકડ

# યુકે વર્ક પરમિટના બહાને ૩.૩૫ કરોડની ઠગાઈ




રાજકોટ,તા.૨૬

વિદેશ જવાની ઘેલછા અને ખાસ કરીને યુનાઈટેડ કિંગડમ (ઞઊ) માં સ્થાયી થઈ સારી કમાણી કરવાની લાલચમાં વધુ એક વખત નિર્દોષ લોકો ભોગ બન્યા છે. યુકેની વર્ક પરમિટ અપાવવાના બહાને ભેજાબાજ શખ્સોએ આયોજનબદ્ધ રીતે જાળ બિછાવી અનેક લોકો પાસેથી અંદાજે સવા ત્રણ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પડાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

એજન્ટો દ્વારા આકર્ષક ઓફરો અને ખોટા દસ્તાવેજોના જોરે આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ મામલે છેતરપિંડીનો ભોગ બનેલા લોકોએ પોલીસ ફરિયાદ નોંધાવતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે. વિદેશ જવાના સપના જોતા યુવાનો માટે આ લાલબત્તી સમાન કિસ્સો છે, જે દર્શાવે છે કે ઊંચા પગારની લાલચમાં કેવી રીતે લોકો લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે. વિગતો જોઈએ તો ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશ જવાની ઈચ્છા ધરાવતા યુવાનો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બે ભેજાબાજ એજન્ટોએ યુકેમાં વર્ક પરમિટ અને નોકરી અપાવવાની લાલચ આપી કુલ ૩૩ આશાસ્પદ યુવાનોને નિશાન બનાવ્યા હતા. આ એજન્ટોએ વિશ્વાસમાં લઈ આ યુવાનો પાસેથી કુલ ૩.૩૫ કરોડ જેવી માતબર રકમ પડાવી લીધી હતી. આ મામલે છેતરપિંડીનો ભોગ બનેલા લોકોની ફરિયાદના આધારે પોલીસે એક આરોપીની ધરપકડ કરી લીધી છે.

ઘટનાની વિગત મુજબ, સરગાસણ વિસ્તારમાં 'એર ઈમીગ્રેશન' નામની વિઝા કન્સલ્ટન્સી ચલાવતા વિપુલ શ્રીમાળી વર્ષ ૨૦૨૨માં કોબાના દિનેશ ડાહ્યાભાઈ પટેલના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ જૂન ૨૦૨૫માં દિનેશ પટેલે વિપુલભાઈની મુલાકાત અમદાવાદના દર્શક વિઠ્ઠલભાઈ સોજીત્રા સાથે કરાવી હતી. આ બંને એજન્ટોએ વિપુલભાઈને ખાતરી આપી હતી કે તેઓ યુકેમાં વેરહાઉસ અને હેલ્થ કેર સેક્ટરમાં સરળતાથી વર્ક પરમિટ અપાવી દેશે, જેના આધારે વિપુલભાઈએ પોતાના ૩૩ ગ્રાહકોના દસ્તાવેજો અને નાણાં આપવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

આ છેતરપિંડીમાં દર્શક સોજીત્રાને ૧.૬૦ કરોડ અને દિનેશ પટેલને ૧.૭૪ કરોડ મળી કુલ ૩.૩૫ કરોડ ચૂકવવામાં આવ્યા હતા. જોકે, વિઝા આવવામાં વિલંબ થતા જ્યારે પૂછપરછ કરવામાં આવી, ત્યારે એજન્ટોએ યુકેની જાણીતી કેર ગ્રુપ કંપનીઓના નકલી 'કોશલેટર' વોટ્સએપ પર મોકલીને વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વિપુલભાઈએ જ્યારે વિદેશી કંપનીઓને ઈમેઈલ કરીને ખરાઈ કરી, ત્યારે આ તમામ લેટર્સ નકલી હોવાનું બહાર આવ્યું હતું અને ભાંડો ફૂટી ગયો હતો.

છેતરપિંડીની જાણ થતાં જ્યારે પૈસા પરત માંગવામાં આવ્યા, ત્યારે આરોપીઓએ ધમકી આપી હતી. આખરે ઈન્ફોસિટી પોલીસે આ મામલે ગુનો નોંધી મુખ્ય આરોપી દિનેશ પટેલની ધરપકડ કરી છે. હાલ પોલીસ દ્વારા આ કૌભાંડમાં સામેલ અન્ય આરોપી દર્શક સોજીત્રાની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ત્રિપલ મર્ડરની ઘટનાથી સમગ્ર પંથકમાં સનસનાટી : ચૂંટણીના લીધે ફરિયાદ નોંધાવામાં વિલંબ

# મોભીએ જ પત્ની, માતા અને પુત્રની કરી હત્યા



રાજકોટ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરા ગામમાં ત્રિપલ મર્ડરની ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યોની હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પરિવારના મોભીએ જ કોઈ અગમ્ય કારણોસર પોતાની સગી જનેતા, પત્ની અને માત્ર બે વર્ષના નિર્દોષ પુત્ર પર કુહાડી વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંગ્રામપુરામાં રહેતા એક શખ્સે ઘરમાં રહેલી કુહાડી વડે પોતાની માતા, પત્ની અને પુત્રના માથાના ભાગે જીવલેણ ઘા ઝીંક્યા હતા. હુમલો એટલો ભયાનક હતો કે ત્રણેય સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના પાછળ પારિવારિક ઝઘડો જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

ઘટનાની જાણ થતા જ ખેડબ્રહ્મા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં ચૂંટણીના મતદાનના બંદોબસ્તને કારણે પોલીસ ફોર્સ વ્યસ્ત હોવાથી હજુ સુધી સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જોકે, પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મતદાનનો બંદોબસ્ત પૂર્ણ થયા બાદ આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવશે. તપાસ બાદ જ હત્યા પાછળનું સાચું કારણ અને ઘટનાક્રમની સ્પષ્ટ વિગતો બહાર આવશે.

# દોઢ અબજના ફ્રોડના કેસની તપાસમાં ધમધમાટ

અન્ય એજન્સીને તપાસ સોંપાવાની સંભાવના : ગુજરાત મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેંકમાં લોન અપાવવાનું કહીને મ્યૂલ એકાઉન્ટ ખોલાયું હતું : બેંકની બેદરકારી તપાસ અધિકારીએ ધ્યાન ન લીધી હોવાનું સામે આવ્યું




રાજકોટ, તા.૨૬

મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેંકમાંથી લોન અપાવવાનું કહીને તેમના નામે મ્યૂલ એકાઉન્ટ ખોલીને તેમાં છેતરપિંડીના દોઢ અબજ જેટલા નાણાંની હેરફેર કરવામાં આવી હોવાની ફરિયાદ રામોલ પોલીસ મથકે નોંધવામાં આવી હતી. જો કે આ કેસની તપાસમાં પોલીસે બેન્કના અધિકારીઓની બેદરકારી અનુસંધાનમાં કોઇ સંતોષકારક કાર્યવાહી ન કરતા આ કેસની તપાસ અન્ય એજન્સીને સોંપાઇ શકે છે. તેમજ આ ઉપરાંત, તપાસ અધિકારી પાસે પણ ખુલાસો પુછવામાં આવશે. અમદાવાદના રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી કે વસ્ત્રાલમાં આવેલી સીતારામ સીટીમાં રહેતા અલ્કાબેન પટેલ સાથે થયેલા સાયબર ક્રાઇમમાં તેમના નાણાં ગુજરાત મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેંકમાં ખોલાવેલી ખાતામાંથી ટ્રાન્સફર થયા હોવાનું સામે આવ્યું હતું. આ બેંક એકાઉન્ટ કિરણ ટ્રેડર્સના નામે હતુ અને તેના પ્રોપાઇટર તરીકે મુકેશભાઇના નામે હતું. આ બેંક એકાઉન્ટમાં તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે આ બેંક એકાઉન્ટમાં ૧.૪૮ અબજના નાણાંકીય વ્યવહાર થયા હતા.

આ અંગે પોલીસે મુકેશભાઇની પુછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું હતું કે તેમને લોન અપાવવાનું કહીને નવીન અને ગૌરાંગ નામના વ્યક્તિએ દસ્તાવેજ લઇને જાણ બહાર એકાઉન્ટ ખોલીને નાણાંની હેરફેર કરી હતી.આ કેસમાં તપાસ કરવામાં માટે તપાસ અધિકારીને ખાસ સુચના આપવામાં હતી કે આ કેસમાં બેંકના અધિકારીઓની સંડોવણીની શક્યતા છે. જે અંગે ખાસ તપાસ કરીને રિપોર્ટ આપવો.


પરંતુ, સુત્રોના જણાવ્યા મુજબ આ કેસની તપાસમાં બેંકના અધિકારીઓને બેંક એકાઉન્ટમાં દોઢ અબજના નાણાંકીય વ્યવહારની અંગે જાણ હોવા છંતાય, તેમણે આંખ આડા કાન કર્યા હતા. પરિણામે બેંક એકાઉન્ટમાં બેરોકટોક રીતે છેતરપિંડીના નાણાંની હેરફેર થઇ હતી. તેમજ મુખ્ય બે આરોપીઓની સાંઠગાંઠ બેંક સાથે હતી. તેમ છતાંય, પોલીસ દ્વારા બેંક અધિકારીઓને આ કેસમાં આરોપી તરીકે ગણવામાં આવ્યા નથી.

જે અંગે ઉચ્ચ કક્ષાએ જાણ થતા હવે આ કેસની તપાસનો રિપોર્ટ મંગાવીને કેસની તપાસ અન્ય એજન્સીને સોંપવા માટેની તૈયારીઓ શરૂ કરી છે. સાથેસાથે તપાસ અધિકારીની ભૂમિકા અંગે પણ તપાસ થઇ શકે છે.

અલગ અલગ નુસ્ખાથી લોકોને છેતરી લેવાની બે ઘટના

# આરટીઓની એપીકે ફાઈલ મોકલી ૧૨ લાખની ઠગાઈ

## બીજી ઘટનામાં નિવૃત આરપીએફ કર્મચારીએ દિકરીના લગ્ન માટે ઉપાડેલી રકમ રિક્ષાગેંગ સેરવી ગઈ




રાજકોટ,તા.૨૬

ઠગાઈના બે ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે, જેમાં એક કિસ્સામાં સાયબર માફિયાઓએ રેલવે સુપરવાઈઝરના નામે લાખોની લોન લઈ છેતરપિંડી આચરી છે, જ્યારે બીજા કિસ્સામાં રિક્ષામાં બેસાડી નિવૃત્ત જવાનના ખિસ્સામાંથી ૫૦ હજાર સેરવી લેવામાં આવ્યા છે. આ રકમ તેમણે દિકરીના લગ્ન માટે બેંકમાંથી ઉપાડી હતી.

પ્રથમ બનાવ જોઈએ તો ન્યૂ સમા રોડ પર રહેતા અને બાજવા રેલવેમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અવનીશભાઈ સોની સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. તેમને મોબાઈલ પર છઝઘ ના નામે એક અજાણી અઙઊ ફાઈલ મળી હતી. અવનીશભાઈએ ઈન્દોરથી લાવેલી કારનો મેમો હશે તેમ સમજી ફાઈલ ડાઉનલોડ કરી હતી. ફાઈલ ડાઉનલોડ કરતાની સાથે જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો અને સિમ કાર્ડ બંધ થઈ ગયું હતું.

જ્યારે તેમણે નવું સિમ કાર્ડ ચાલુ કરાવ્યું ત્યારે જાણવા મળ્યું કે તેમના ખાતામાંથી લોનનો હપ્તો કપાયો હતો. તપાસ કરતા સામે આવ્યું કે ઠગબાજોએ તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરી ૧૨.૮૬ લાખની લોન લઈ લીધી હતી. હાલ વડોદરા સાયબર સેલે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી તરફ, છાણી-સોખડા રોડ પર રહેતા છઙઋ ના નિવૃત્ત કર્મચારી પ્રફુલ્લ સિંગ સાથે પણ છેતરપિંડી થઈ છે. તેઓ દીકરીના લગ્ન માટે અલકાપુરીની બેન્કમાંથી ૧.૫૦ લાખ ઉપાડીને જઈ રહ્યા હતા. આ દરમિયાન એક રિક્ષાવાળાએ સ્ટેશન જવાનો રસ્તો પૂછવાના બહાને તેમને રિક્ષામાં બેસાડ્યા હતા. સ્ટેશન ઉતારીને રિક્ષાવાળો જતો રહ્યો ત્યારે પ્રફુલ્લ સિંગને જાણ થઈ કે તેમના ખિસ્સામાંથી ૫૦ હજાર ગાયબ છે.

સયાજીગંજ પોલીસે સીસીટીવી ફૂટેજ અને રિક્ષા નંબરના આધારે તપાસ કરી ગણતરીના કલાકોમાં જ પેટલાદના કુખ્યાત ઠગ શાહરુખ ઉર્ફે શાહરુખલાલાને ઝડપી પાડ્યો છે. છાણી-સોખડા રોડ પર રહેતા અને છઙઋ (રેલવે પ્રોટેક્શન ફોર્સ) માંથી નિવૃત્ત થયેલા કર્મચારી પ્રફુલ્લ સિંગ સાથે છેતરપિંડી થઈ હતી. તેઓ પોતાની દીકરીના લગ્નની તૈયારીઓ માટે અલકાપુરી સ્થિત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાંથી ૧.૫૦ લાખ ઉપાડીને બહાર નીકળ્યા હતા. આ દરમિયાન એક રિક્ષા ચાલક તેમની પાસે આવ્યો હતો અને 'હું નવો છું, રેલવે સ્ટેશન જવાનો રસ્તો કયો?' તેમ પૂછી પ્રફુલ્લ સિંગને વાતમાં પરોવ્યા હતા. ત્યારબાદ ઠગે તેમને મફતમાં સ્ટેશન સુધી લિફ્ટ આપવાની લાલચ આપી રિક્ષામાં બેસાડ્યા હતા.

સ્ટેશન પહોંચ્યા બાદ જ્યારે પ્રફુલ્લ સિંગે પોતાના ખિસ્સા તપાસ્યા, ત્યારે ૫૦૦ના ત્રણ બંડલમાંથી એક બંડલ ગાયબ હતું. એટલે કે રિક્ષા ચાલકે નજરચૂક કરી ૫૦,૦૦૦ સેરવી લીધા હતા. સયાજીગંજ પોલીસ સ્ટેશનના પીઆઈ સ્વપિનલ પંડ્યાએ તાત્કાલિક કાર્યવાહી કરી સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. પોલીસની સતર્કતાને કારણે ગણતરીના કલાકોમાં જ પેટલાદના નામચીન ઠગ શાહરુખ મિયા ઉર્ફે 'શાહરુખલાલા'ને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ઠગ સામે અગાઉ પણ ચોરી અને છેતરપિંડીના ૧૫ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે.

પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ ઠગ સામે અગાઉ પણ ૧૫ જેટલા ગુના નોંધાયેલા છે. આવા ફ્રોડથી બચવા અજાણ્યા નંબર પરથી આવેલી કોઈ પણ લિંક કે એપીકે ફાઈલ ડાઉનલોડ ન કરવી. અજાણ્યા વ્યક્તિની રિક્ષા કે વાહનમાં બેસતી વખતે કિંમતી સામાન પ્રત્યે સાવધ રહેવું.

# ગરમીનો પ્રકોપ કોને દઝાડશે ?

# રાજકોટ મનપામાં ૫૧.૬૧ ટકા મતદાન

## રાજકોટના મતદારો કોને સત્તા સોંપશે તે કાલે થશે જાહેર : વોર્ડ નંબર ૧૫માં વિરોધ અને વિવાદ વચ્ચે સર્વાધિક ૬૮.૩૯ ટકા મતદાન, જ્યારે ૪૩.૧૨ ટકા મતદાન સાથે વોર્ડ નંબર ૧ સૌથી છેલ્લે






## SIRમાં ઘટેલા મતદારો રાજકીય પક્ષોનું બગાડશે ગણિત ? : ગત ચૂંટણીની સરખામણીમાં ૬૦ હજારથી વધુ મત ઓછા પડ્યા

રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકા ના ૧૮ બુથની ૭૨ બેઠકો પર જે ચૂંટણી જંગ જામ્યો તે અંતર્ગત ગઈકાલે મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. અને ૨૩૬ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થઈ ગયું છે અને ૫૧.૬૦ ટકા મતદાન થયું હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે. ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં કુલ ૫.૦૪ લાખ લોકોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો જેમાંથી ૫૫.૮૭ ટકા પુરુષ તથા ૪૬.૧૫ ટકા સ્ત્રીઓએ મતદાન કર્યું હોવાનો આંકડો ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. સૌથી વધુ મતદાન વોર્ડ નંબર ૧૫માં થયેલું છે જેની ટકાવારી ૬૮.૩૯ છે. આ એવોર્ડ છે કે જે કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે અને આ જ બોર્ડમાં કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર પ્રવીણ સોરાણી દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને ભાજપને આડકતરી રીતે ટેકો પણ આપવામાં આવ્યો હતો ત્યારે વધુ મતદાન જે થયું છે તે કોને ફાયદો કરાવશે તે જોવાનું રહ્યું પરંતુ રાજકીય વર્તુળોમાં જે ચર્ચાએ જોર પકડ્યો છે તેમાં સૌથી વધુ મતદાન જે વોર્ડ ૧૫માં થયું છે તેનો ફાયદો કોંગ્રેસને મળશે તેવું મનાઈ રહ્યું છે. બીજી તરફ સૌથી ઓછું મતદાન વોર્ડ નંબર એકમાં ૪૩.૧૨ ટકા થયેલું છે તેની પાછળના અનેકવિધ કારણો સામે આવી રહ્યા છે. ૨૩૬ ઉમેદવારો માટે કુલ ૯.૮૫ લાખથી વધુ મતદારો નોંધાયા હતા જેમાંથી ૫.૦૪ લાખ મતદારોએ પોતાનો મતદાન કર્યું છે અને હવે આવતીકાલે જ્યારે મત પેટીઓ અને ઈવીએમ ખુલશે ત્યારે માલુમ પડશે કે કયો ઉમેદવાર સત્તા ભોગવશે અને કઈ પાર્ટી સત્તા પર આવશે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ તો થઈ ચૂકી છે પરંતુ અનેકવિધ કિસ્સાઓ પણ સામે આવ્યા હતા જેમાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનો વચ્ચે તળાફળી પણ બોલી હતી પરંતુ પોલીસની સુજબુજ ના પગલે કોઈ મોટી ઘટના ઘટી ન હતી અને શાંતિપૂર્ણ ના હોલમાં ચૂંટણી પૂર્ણ થઈ હતી.

## રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકો પર થયેલા મતદાનની વોર્ડ વાઈઝ ટકાવારી

| વોર્ડ નંબર | બુથ | મતદારોની સંખ્યા | | | પ્રોગ્રેસીવ કુલ મતદાન મતદારોની સંખ્યા | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | 2 | 4.1 | 4.2 | 4.3 | 10.1 | 10.2 | 10.3 | 11.1 | 11.2 | 11.2 |
| 1 | 66 | 34,986 | 32,199 | 67,185 | 16,640 | 12,330 | 28,970 | 47.56 | 38.29 | 43.12 |
| 2 | 47 | 22,386 | 21,929 | 44,315 | 12,003 | 9,870 | 21,873 | 53.62 | 45.01 | 49.36 |
| 3 | 76 | 37,944 | 35,387 | 73,331 | 20,263 | 15,729 | 35,992 | 53.40 | 44.45 | 49.08 |
| 4 | 57 | 30,479 | 27,508 | 57,987 | 20,847 | 16,683 | 37,530 | 68.40 | 60.65 | 64.72 |
| 5 | 42 | 21,344 | 19,463 | 40,807 | 13,751 | 10,494 | 24,245 | 64.43 | 53.92 | 59.41 |
| 6 | 46 | 22,232 | 19,994 | 42,226 | 14,062 | 10,849 | 24,911 | 63.25 | 54.26 | 58.99 |
| 7 | 49 | 24,010 | 23,497 | 47,507 | 13,166 | 9,863 | 23,029 | 54.84 | 41.98 | 48.47 |
| 8 | 57 | 27,750 | 27,136 | 54,886 | 14,824 | 11,686 | 26,510 | 53.42 | 43.06 | 48.30 |
| 9 | 65 | 33,156 | 32,007 | 65,163 | 16,201 | 12,638 | 28,839 | 48.86 | 39.49 | 44.26 |
| 10 | 50 | 24,606 | 24,196 | 48,802 | 12,871 | 10,288 | 23,159 | 52.31 | 42.52 | 47.46 |
| 11 | 90 | 46,735 | 43,413 | 90,148 | 24,241 | 18,273 | 42,514 | 51.87 | 42.09 | 47.16 |
| 12 | 57 | 30,293 | 27,708 | 58,001 | 17,248 | 13,044 | 30,292 | 56.94 | 47.08 | 52.23 |
| 13 | 52 | 25,752 | 24,108 | 49,860 | 13,948 | 10,625 | 24,573 | 54.16 | 44.07 | 49.28 |
| 14 | 53 | 25,347 | 23,924 | 49,271 | 14,795 | 11,087 | 25,882 | 58.37 | 46.34 | 52.53 |
| 15 | 44 | 21,419 | 19,370 | 40,789 | 15,156 | 12,740 | 27,896 | 70.76 | 65.77 | 68.39 |
| 16 | 44 | 21,925 | 20,087 | 42,012 | 13,294 | 10,262 | 23,556 | 60.63 | 51.09 | 56.07 |
| 17 | 52 | 25,899 | 24,142 | 50,041 | 14,366 | 10,847 | 25,213 | 55.47 | 44.93 | 50.38 |
| 18 | 67 | 33,823 | 29,798 | 63,621 | 17,311 | 12,304 | 29,615 | 51.18 | 41.29 | 46.55 |
| Total : | 1014 | 510,086 | 475,866 | 985,952 | 284,987 | 219,612 | 504,599 | 55.87 | 46.15 | 51.18 |

**મતદાન મથકો પર ભાજપ - કોંગ્રેસ- આપના આગેવાનો બાખડીયા : ભાજપ માટે વોર્ડ નં.૧,૨,૩,૪,૮,૧૧, ૧૨,૧૩,૧૪,૧૫, ૧૬,૧૭,૧૮ જીતવા કપરા ચઢાણ**

## ૭ EVM ખોટવાયા, અનેક સ્થળે માથાકુટ

ગઈકાલ સવારથી જ દરેક વોર્ડ વિસ્તારમાં મતદાન શાંતિપૂર્ણ માહોલમાં યોજાયું હતું ક્યાંક રાજકીય પક્ષો વચ્ચે પણ બગડાતી બોલી હતી પરંતુ સમય સૂચકતા ને ધ્યાને રાખી પોલીસે તે તમામ ઘટનાઓને શાંત કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તે જ અરસામાં સાત જેટલા બેલેટ યુનિટ ક્ષિતિગ્રસ્ત થયા હતા અને તેના પરિણામ સ્વરૂપે મતદાનને પણ ઘણી અસર પહોંચી હતી ઘણા ખરા બૂથમાં લાંબી લાઈનો પણ લાગી ગઈ હતી અને સમયસર નવું મશીન ન આવે ત્યાં સુધી લોકો મતદાન પણ કરી શક્યા ન હતા. ઘણા ખરા વોર્ડમાં ભાજપ કોંગ્રેસના આગેવાનો આમને સામને આવી ગયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. વોર્ડ ૧૪માં પણ સ્થિતિ વણસી હતી.

## ૧ લાખ મતદારો ઘટતા મતદાનની ટકાવારીને અસર

હાલ રાજકોટ મહાનગર માટે કુલ ૫૧.૬૦ ટકા મતદાન થયું હોવાનું હાલ જાણવા મળ્યું છે જે ગત વર્ષે ૫૦.૭૨% નોંધાયું હતું આમ એક રીતે મતદાનની ટકાવારી વધી છે પરંતુ મતદાર સુધારણા યાદીમાં જે એક લાખ મતદારો કપાયા તો સરેરાશ ઓછું મતદાન થયું હોવાનું પણ જાણકાર વર્તુળો કઈ રહ્યા છે. એટલું જ નહીં ગત મહાનગરપાલિકાની ચૂંટણીની સરખામણી કરવામાં આવે તો આશરે ૬૦ હજાર મત ઓછા પડ્યા છે. એક લાખ મતદારો ની ઘટ ઉભી થતા તેની અસર મતદાન ઉપર પણ પડી છે અને તેની સીધી જ અસર રીઝલ્ટ ઉપર પણ જોવા મળશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## પ્રથમ અને અંતિમ કલાકમાં મતદાન પાંગળુ

હવામાન વિભાગ દ્વારા આકરા તાપની આગાહી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજકીય પક્ષોને તથા વહીવટી તંત્રને એ વાતની આશા હતી કે મતદાનની પ્રથમ કલાકમાં મતદારો ઉંમર છે અને અંતિમ કલાકમાં પણ મતદાનની ટકાવારીમાં વધારો નોંધાશે. પરંતુ ગઈકાલે ચિત્ર જ કંઈક અલગ જોવા મળ્યું જેમાં પ્રથમ અને અંતિમ કલાકમાં નોધારૂ મતદાન નોંધાયું. જેની સીધી જ અસર સરેરાશ મતદાન ઉપર પણ જોવા મળી.

## ક્રોસ વોટિંગ થયાની આશંકાથી ભાજપની પેનલો તૂટવાની સંભાવના

હાલ આ વખતે ચૂંટણીનું જે માહોલ જોવા મળ્યો તેમાં એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ હતી કે આ વખતે ક્રોસ વોટિંગ ૧૦૦% થશે અને પેનલ પણ તુટશે. મળતી માહિતી મુજબ ભાજપની બેઠક વહેંચણીનો મુદ્દો અને આંતરિક ખેંચતાણના પગલે જે સમાજમાં રોષ જોવા મળ્યો હતો તેમના દ્વારા ક્રોસ વોટિંગ કર્યું હોવાનું પણ જણાઈ રહ્યું છે. વોર્ડ નંબર ચારમાં ૬૪ ટકા મતદાન નોંધાયું છે ત્યારે એ વાત તો સાચી કે તે મતદાન સો ટકા આમ આદમી પાર્ટી તરફે નો જ હોય ત્યારે કોંગ્રેસના મત અચૂક કપાણા હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ત્યારે થયેલું ક્રોસ વોટિંગ કોને ફાયદો કરાવશે તે હવે જોવાનું રહ્યું.

## ભાજપને સત્તા મળશે પરંતુ જનાધાર ઘટશે

હાલ જે મતદાનની પેટર્ન જોવા મળી છે તેને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ છે કે ભાજપને વોર્ડ નંબર ૧ , ૪ અને ૧૬ માં સીધી જ ટક્કર મળશે. અપેક્ષા મુજબ વોર્ડ નંબર ૭ માં ઓછું મતદાન થવું તે પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા કરે છે કારણ કે વોર્ડ નંબર સાત ભાજપનો અજય ગઢ છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ બેઠક તો જીતે પરંતુ જે લીડ મળવી જોઈએ તે નહીં મળે. અને આ વખતે જો ભાજપની લીડમાં ઘટાડો આવશે અથવા તો પેનલ તુટશે તો તેની પાછળ ભાજપનો આંતરિક જૂથવાદ જ કારણ રહેશે.

## ૪૪ ડિગ્રીના તાપમાનથી મતદાનને અસર

મળતી માહિતી મુજબ ગઈકાલે રાજકોટનું તાપમાન ૪૪ ડિગ્રીને આંબી ગયું હતું જે અંગે હવામાન વિભાગ દ્વારા તથા ખાનગી આગાહી ખાર અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી હતી. ત્યારે અપેક્ષા અનુસાર ધગધગતા તાપમાન મતદારો ઘરે રહેવાનું પસંદ કર્યું હતું ત્યારે મહત્તમ મતદાન બુથો પર પાંખી હાજરી મતદારોની જોવા મળી હતી. ત્યારે તાપમાન ની ગરમી ઉમેદવારોને ધગધગાવસે કે કેમ તે તો કાલે જ ખબર પડશે.

## ૨૦૧૫માં પરિવર્તન, ૨૦૨૧માં પુનરાવર્તન અને ૨૦૨૬માં ભર્યું નારિયલ

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીમાં આ વખતે ૧.૦૮ લાખ મતદારો ઘટતા કુલ ૯.૮૫ લાખ મતદારોએ મનપાના ૧૮ વોર્ડ માટે ૭૨ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા મતદાન કરી રહ્યા છે. જ્યારે રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ૯.૫૬ લાખ મતદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ વખતે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મતદારોમાં અંડર કરંટ જોવા મળી રહ્યો છે, જેનો ભય સૌથી વધુ ભારતીય જનતા પાર્ટીને સતાવી રહ્યો છે. કારણ કે રાજકોટ સહીત અનેક જગ્યાએ ઉમેદવારોની જાહેરાત બાદ કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળી હતી. ત્યારે વિપક્ષ આ વખતે આશા રાખીને બેઠું છે કે મતદારો તેઓને એક તક તો આપશે ત્યારે મહત્વનું એ છે કે ખરા અર્થમાં આવતીકાલે ઈવીએમમાંથી શું પરિણામ બહાર આવે છે.

## ભાજપના શામ-દામ-દંડ-ભેદ-પ્રપંચ છતા વોર્ડ ૧૫માં અમારો વિજય : સાગઠીયા



ચૂંટણી પૂર્ણ થયા બાદ વશરામ સાગઠીયા જણાવ્યું હતું કે વોર્ડ નંબર ૧૫માં કોંગ્રેસ તમામ ચાર બેઠકો અંકે કરશે એટલું જ નહીં તેઓએ જણાવ્યું હતું કે મતદાનના આગલા દિવસથી જ પ્રશાસન દ્વારા બોર્ડ ૧૫ ના ઉમેદવારોને આડકતરી રીતે હેરાન પરેશાન કરવામાં આવ્યા હતા ભારે જેમ જ બાદ અને પોલીસ કમિશનરને રજૂઆત કર્યા પછી જ સમગ્ર સ્થિતિ કાબુમાં આવી હતી અને વોર્ડ ૧૫ ના કોંગ્રેસ ઉમેદવાર મકબુલ દાઉદાણીને છોડવામાં આવ્યા હતા. આ અંગે જ્યારે લઘુમતી સમાજને જાણ થઈ તે બાદ જ વોર્ડમાં મતદાનની ટકાવારી ઓછી આવી અને વધુને વધુ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ભાજપ માટે વોર્ડ ૧૬ અને ૧૮ અત્યંત રસાકસી ભર્યો રહેશે તો વોર્ડ નંબર ૨ માં બે સીટ ગુમાવી પડે તેવી પણ શક્યતા છે સાથોસાથ વોર્ડ ત્રણમાં પણ એક થી બે સીટ જ ભાજપ અંકે કરે તો નવાઈ નહીં. ત્યારે તેઓએ વોર્ડ નંબર ૧૫ માટે અપેક્ષા અને આશા વ્યક્ત કરતા કહ્યું કે તેઓના તમામ ચાર ઉમેદવાર જીતી જશે. સાથોસાથ તેઓએ પોલીસ તંત્ર પર સીધા જ આક્ષેપો કર્યા હતા અને ભાજપની તાનાશાહીને વખોડી હતી. મળતી માહિતી મુજબ તેઓએ જણાવ્યું કે મતદાનના આગલે દિવસે પણ તેઓએ પોલીસ પ્રશાસનને જાણ કરી હતી કે તેમના પર હુમલો થવાની શક્યતા છે જેથી પ્રોટેક્શન પૂરું પાડવામાં આવે. પરંતુ હવે આવતીકાલે પ્રજાજ ભાજપને સીધો જવાબ આપશે જ્યારે મત પેટી ખૂલશે. વોર્ડ નંબર ૧૫માં જે વોટિંગ થયું તે સમગ્ર ૧૮ વોર્ડમાં પ્રથમ ક્રમે છે



## બેફામ ક્રોસવોટિંગ ભાજપને હંફાવશે : રાજભા ઝાલા

સામાજિક આગેવાન રાજભા ઝાલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વખતે દરેક વોર્ડમાં ક્રોસ વોટિંગ તો થયા જ છે અને તેમાં પણ વોર્ડ નંબર નવમા તો સૌથી વધુ થયા હોય તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. છતાં નવ નંબરમાં ભાજપ જીતે તેવા પણ ઉજળા સંજોગો છે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે જે જે વોર્ડમાં કડવા પટેલ તથા લેઉવા પટેલ હશે ત્યાં અચૂક ક્રોસ વોટિંગ થયું હશે. બીજી તરફ આમ આદમી પાર્ટીના શિવલાલ બારસીયા ની પેનલ જીતે છે તેવું પણ તેઓએ અનુમાન લગાવ્યું હતું. વધુમાં તેઓ જણાવ્યું કે જ્યાં ઓછું મતદાન થાય ત્યાં સત્તા પાર્ટી માટે ફાયદો કરાવે પરંતુ આ વખતે સમીકરણ કંઈક અલગ જ જોવા મળી રહ્યા છે તો બીજી તરફ જ્યાં વધુ મતદાન થયું હશે ત્યાં વિપક્ષને નહીં પરંતુ સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે સીધી જ ઠક્કર જોવા મળશે. વધુમાં તેઓએ ત્રણ નંબર વોર્ડ માટે કહ્યું હતું કે અહીંના મુસ્લિમ મતદારોના મત ખૂબ મહત્વનો અને નિર્ણાયક ભાગ ભજવશે ત્યારે કોંગ્રેસ યોગ્ય વ્યવસ્થા કરવામાં નબળું પુરવાર થયું છે જેથી વોર્ડ નંબર ત્રણમાં પણ ભાજપ મોટા માર્જિનથી જીતે તો પણ નવાઈ નહીં.

## રાજકોટ ભાજપનો અજયગઢ, કોઈ સ્પર્ધા ન હતી : નીતિન ભારદ્વાજ



શહેર ભાજપના સનિષ્ઠ આગેવાન નીતિન ભારદ્વાજે માહિતી આપતા જણાવ્યું હતું કે આ વખતે દરેક વખતની સરખામણીમાં ભાજપ વધુ બેઠક અંગે કરશે અને લીડ સાથે જીત મેળવશે. બીજી તરફ તેઓ જણાવ્યું હતું કે હાલ એક પણ એવોર્ડ નથી કે જ્યાં ભાજપને કોઈ સ્પર્ધા હોય કારણ કે વિરોધ પક્ષ નામે કોઈ ચિત્રમાં જ નથી. વધુમાં તેઓએ ક્રોસ વોટિંગ અંગે જણાવ્યું હતું કે અમુક લોકોનો ભાવ એવો હોય છે કે ક્રોસ વોટિંગ કરાવવા પરંતુ તે ખરા અર્થમાં વાસ્તવિકતા હોતી નથી છતાં પણ થોડા ઘણા અંશે રાજકીય પાર્ટીને અસર કરતા હોય છે પરંતુ ભાજપને આ મુદ્દો નહીં સ્પર્શે. અંતમાં તેઓ જણાવ્યું હતું કે હાલ ગમે તે પરિસ્થિતિ ઉદ્ભવિત થાય પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ એ ચિત્ર તો સ્પષ્ટ છે કે ભાજપ બહુમતી સાથે મહાનગરપાલિકાની ચૂંટણી જીતે છે.



## અનેક અવરોધ છતાં મળશે ૫૦ થી વધુ બેઠક : કશ્યપ શુકલ

ભાજપના ટોચના આગેવાન કશ્યપ શુકલે માહિતી આપતા જણાવ્યું હતું કે મહાનગરપાલિકાની ચૂંટણી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે ખૂબ મહત્વનો ભાગ ભજવશે ત્યારે ઘણી ખરી બેઠકો પર ભાજપને સરળતાથી જીત નહીં મળે અથવા તો કહી શકાય કે જે લીડ મળવી જોઈએ તે લીડ પણ નહીં નીકળે. તો સામે કોંગ્રેસે પણ આ ઈલેક્શનમાં ઘણું ખરું ગુમાવવું પડશે કારણ કે જે પ્રકારે વ્યવસ્થા અને મતદારો સુધી પહોંચવું જોઈએ તે પહોંચવામાં કોંગ્રેસ નિષ્ફળ નીવડી છે. સાથો સાથ તેઓ જણાવ્યું હતું કે ઘણા ખરા વોર્ડમાં પેનલ ટુટે તો પણ નવાઈ નહીં કારણકે હાલ જે માહોલ જોવા મળી રહ્યો છે તે અનુસાર લોકોનો મિજાજ ઓળખવો ખૂબ મુશ્કેલ પુરવાર થશે. જો મતદારોએ મન બનાવી લીધું હશે તો પેનલની પેનલ પણ તૂટશે. વધુમાં તેઓએ વોર્ડ નંબર બે માટે પણ જણાવ્યું હતું કે અહીં ભાજપે ઘણી મહેનત કરી છે પરંતુ સાચું ચિત્ર તો આવતીકાલે જ બહાર આવશે. વધુમાં તેઓએ વોર્ડ નંબર ૧૫ વિશે માહિતી આપતા કહ્યું કે જ્યારે તે વોર્ડના કોંગ્રેસ ઉમેદવાર મકબુલ દાઉદાનીને પકડવાની વાત સામે આવી તે સમયથી જ તે વિસ્તારના મુસ્લિમ મતદારો મતદાન કરવા પહોંચ્યા હતા જે કદાચ ભાજપ માટે તકલીફ ઊભી કરી શકે છે. બીજી તરફ તેઓએ એસઆઈઆર ન કામગીરી અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આ કામગીરીમાં અનેક સારા લોકોના નામ કપાઈ ગયા છે. વધુમાં તેઓ જણાવ્યું કે ઘણા ખરા વોર્ડમાં તો ભાજપની સામે જ ભાજપ લડતું હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

## વોર્ડ ૧૫માં ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોંગ્રેસના મંડપથી થયો બખેડો



**મતદાન મથકની મર્યાદાનો ભંગઃ ઝોનલ ઓફિસરની ફરિયાદ પરથી થોરાળા પોલીસે કાર્યવાહી હાથ ધરી**

રાજકોટઃ શહેરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન જાહેરનામાના ભંગની મોટી ઘટના સામે આવી છે. વોર્ડ નં. ૧૫માં મતદાન મથકની ૧૦૦ મીટરની પ્રતિબંધિત ત્રિજ્યામાં ચૂંટણીલક્ષી સાહિત્ય અને સાધન-સામગ્રી સાથે બેઠેલા કોંગ્રેસના ઉમેદવાર મકબુલ દાઉદાણી સહિત પાંચ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે ઝોનલ ઓફિસર મયુરભાઈ નટવરલાલ ભાલીયા અને તેમની ટીમ વોર્ડ નં. ૧૫ના રૂટ નં. ૧ માં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સવારે ૦૯:૧૫ વાગ્યાના અરસામાં લાખાજીરાજ સોસાયટી પાસે આવેલી આર.એમ.સી. શાળા નં. ૬૬ (શ્રી છત્રપતિ શિવાજી પ્રાથમિક શાળા) પાસે તપાસ કરતા, મતદાન મથક નં. ૬/૭ ની ૧૦૦ મીટરની અંદર કેટલાક શખ્સો મંડપ નાખીને બેઠેલા જોવા મળ્યા હતા.

ઝોનલ ઓફિસરની ટીમે સ્થળ પર જઈ તપાસ કરતા ત્યાં કોંગ્રેસના ઉમેદવાર મકબુલભાઈ હબીબભાઈ દાઉદાણી અને તેમની સાથે અન્ય ચાર માણસો હાજર હતા. તેમની પાસે ચૂંટણીલક્ષી સાહિત્ય હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં સ્થળ પરથી એક કાળા કલરનું પ્રિન્ટર (ઝેરોક્ષ મશીન સાથે) તેમજ ઈ.વી.એમ. મશીન માટેના ૩ ડેમો કાર્ડબોર્ડ (ઉમેદવારના નામ સાથે), ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગની ૨૦૨૬ની પુરવણી યાદીની બુકો તેમજ ઉમેદવારના નામનું સન્માન પત્ર અને પ્રચાર માટેની કાપલીઓ તેમજ બોલપેન સહિત મળી આવતા કબ્જે કરેલ છે.

પકડાયેલા આરોપીઓમાં મકબુલભાઈ દાઉદાણી ઉપરાંત આરિફભાઈ યુસુફભાઈ સંધી, વસીમખાન કાલેખા લુવાણી, હુશેનભાઈ સતરભાઈ પિંજાશ અને ઈરફાનખાન યુસુફખાન બ્લોચનો સમાવેશ થાય છે.

પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ, મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ પણ પ્રકારનું ચૂંટણીલક્ષી સાહિત્ય રાખવું કે પ્રચાર કરવો પ્રતિબંધિત છે. આ શખ્સો પાસે કોઈ પણ પ્રકારની પરવાનગી કે પાસ ન હોવાથી, ઝોનલ ઓફિસર મયુરભાઈ ભાલીયાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે તમામ આરોપીઓને સાહિત્ય સાથે અટકાયતમાં લઈ કાયદેસરની તપાસ શરૂ કરી છે.